એપ્રિલ - ૨૦૧૦ કિંમત રૂ.૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક



શ્રી હરિ પ્રાકટ્યોત્સવ
આરતી ઉતારતા
પ.પૂ. મોટા મહારાજશ્રી

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૬મા
પ્રાકટ્યોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી
મહારાજશ્રીની નિશ્રામાં પૂજનીય
સંતો - હરિભક્તો આરતી ઉતારતાં

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર મહોત્સવ

## નિમંત્રણ






**શુભારંભ**
તા. ૧૫-૦૫-૨૦૧૦,
વૈશાખ સુદ-૨



**પૂર્ણાહુતિ**
તા. ૨૩-૦૫-૨૦૧૦, વૈશાખ સુદ-૧૦

**તા. ૧૪-૦૫-૨૦૧૦** શ્રીનરનારાયણદેવ વિશ્વયુવા સત્સંગ સંમેલન – બપોરે ૩:૦૦ કલાકે પોથીયાત્રાનો પ્રારંભ

**તા. ૧૫-૦૫-૨૦૧૦** પારાયણના પ્રથમ દિને દીપ પ્રાગટ્ય

**તા. ૧૬-૦૫-૨૦૧૦** ૧૮૮ કુંડી મહાવિષ્ણુયાગ પ્રારંભ

**તા. ૧૭-૦૫-૨૦૧૦** આંતરરાષ્ટ્રીય સમૂહ મહાપૂજા–શ્રીગણપતિ, હનુમાનજી, સુર્યનારાયણ, શિવપાર્વતી ની પ્રતિષ્ઠા

**તા. ૧૮-૦૫-૨૦૧૦** નૂતન મંદિર લોકાર્પણ વિધિ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રતિષ્ઠિત શ્રીનરનારાયણ આદિ ભગવત્સ્વરૂપોની નૂતન મંદિરમાં પધરામણી, મહાભિષેક, અન્નકૂટદર્શન.

**તા. ૧૯-૦૫-૨૦૧૦** જીર્ણ પ્રસાદી મંદિરમાં નૂતન ભગવત્સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા.

**તા. ૨૦-૦૫-૨૦૧૦** વિવિધ આકૃતિઓથી સુશોભિત વિવિધ રથોમાં શ્રીઠાકોરજીની ભવ્યાતિભવ્ય નગરયાત્રા.

**તા. ૨૨-૦૫-૨૦૧૦** શ્રી ઠાકોરજીના વેદવિહિત અષ્ટ રાજોપચારથી વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન

**ઉત્સવનાં પ્રત્યેક પ્રસંગો પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.**

**વડતાલગાદીના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દર્શન આશીર્વાદ પાઠવશે.**

આ પ્રસંગે સંપ્રદાયના વિદ્વાન સંતો પધારી દર્શન–આશીર્વાદ આપશે, સનાતન ધર્મના જગદ્‌ગુરુ શ્રીરામાનુજાચાર્ય, શ્રીશંકરાચાર્ય, શ્રીવલ્લભાચાર્યનાં ગાદિપતિઓ તથા દેશભક્તો તથા વિવિધ ક્ષેત્રે લોક પ્રતિષ્ઠિત રાજકીય પુરૂષો પધારશે.

દરરોજ રાત્રે ભક્તિ સંગીતના કાર્યક્રમો યોજાશે જેમાં અનૂપ જલોટા જેવા પ્રખ્યાત સંગીતજ્ઞ પુરૂષો પધારશે.

વેદપાઠી બ્રાહ્મણો ધ્વારા ચતુર્વેદ પારાયણ, સંપ્રદાયના નંદ સંતોનું સાહિત્ય, વાંચન અને પ્રદર્શન.

શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન. લેખન અને પ્રદર્શન, ૧૦૮ સંહિતા પાઠ, અદ્યતન ટેક્નોલોજીનું આર્કષક 3D દ્વારા શ્રીહરિ ચરિત્ર દર્શન તેમજ ભારતીય નૃત્ય, રાસોત્સવ, સંપ્રદાયના ઈતિહાસિક રૂપકોનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી નરનારાયણ દેવ મેડીકલ કેમ્પ ૨૦૧૦નાં કુલ ૮ કેમ્પનું આયોજન સફળ રહ્યુ.

**આ દિવ્ય મહોત્સવમાં આપ સૌને સપરિવાર પધારવા નેહ નિતરતું નિમંત્રણ પાઠવીએ છીએ.**



નિમંત્રક : સ.ગુ. મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી



**:: આયોજક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ–કચ્છ,
ફોન. : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧/૩૩૧




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦



# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૩ | અંકઃ ૩૬ | એપ્રિલ-૨૦૧૦**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત | ૪ |
| ૪. | નિષ્કામી વ્રતધારી પરમ ભક્ત મૂળજી ખાંટ | ૫ |
| ૫. | આનંદની હેલી | ૬ |
| ૬. | પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી | ૭ |
| ૭. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણી | ૯ |
| ૮. | પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીની શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ્રચારાર્થે યુ. એસ. એ. ધર્મયાત્રા | ૧૦ |
| ૯. | આધ્યાત્મિક માર્ગમાં આચાર્યશ્રી અનિવાર્ય છે | ૧૧ |
| ૧૦. | પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીનો પ્રથમ આગવો વિદેશ પ્રવાસ તથા પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રી રાજાનો કેનેડા પ્રવાસ | ૧૨ |
| ૧૧. | પૂજ્ય મોટા મહારાજશ્રીનો ૬૨ વર્ષ પૂર્વે ઉજવાયેલો અનોખો જન્મ જયંતી મહોત્સવ | ૧૪ |
| ૧૨. | પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૬ મો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો | ૧૫ |
| ૧૩. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૪. | ભક્તિ સુધા | ૧૮ |
| ૧૫. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૬. | સત્સંગ સમાચાર | ૨૨ |

# સંપાદકીયમ

આ સંસારનો એવો ક્રમ છે કે વધારાનું હોય તે કોઈને ગમતું નથી. સૌ તેનાથી દૂર રહે છે તેનો ત્યાગ કરે છે, નકામું ગણી તરછોડી દે છે. અને કોઈ નકામું હોય તેને પણ હવે તો ''વધારાનું'' છે તેવી ઉપમા આપી દેવામાં આવે છે. પરમાત્માની બનાવેલી આ સૃષ્ટિની કાળરચના (સમય ગણના) મુજબ દર ૪ વર્ષ પછી ૧ વધારાના મહિનાની આપણા હિન્દુ કેલેન્ડરમાં ઉમેરણી કરવામાં આવી. દર ૪ વર્ષે ૧ મહિનો વધારાનો આવે તે વર્ષમાં ૧૨ ના બદલે ૧૩ મહિના હોય, આ વધારાના મહિનાનો સર્વે ત્યાગ કર્યો. તરછોડ્યો અને ''મળ માસ'' એવું કહી કોઈ તેનો સ્વીકાર કરવા તૈયાર થયુ નહિ. આથી એણે પરમાત્માનું શરણું સ્વીકાર્યુ, પ્રભુ આપનો બનાવેલો હોવા છતાં સમગ્ર જગત મને તરછોડે છે. ધિક્કારે છે હવે મારે શું કરવું ? ક્યાં જવું ? મને કોણ આશ્રય આપશે ? વિનંતી સાંભળી પ્રભુ રાજી થયા અને દયાળુ પ્રભુની તો રીતિ છે જેનો કોઈ હાથ ન ઝાલે, જેને સૌ તરછોડે પ્રભુ તેને સ્વીકારે છે. તે દિવસે પ્રભુએ વરદાન આપ્યું કે ''જા ! તારો આજથી હું સ્વીકાર કરું છું.'' તે દિવસથી તે ''મળ માસ'' મટી પ્રભુના નામે ''પુરુષોત્તમમાસ'' થયો. ભગવાને વરદાન આપ્યું કે ''अधिकस्य अधिक फलं'' આ અધિકમાસમાં જે ભજન-ભક્તિ, દાન, પુણ્ય, સેવા કરે તેનું ફળ અનંત ગણું છે. આવો મહાપવિત્ર અધિક માસ જ્યારે આપણને પ્રાપ્ત થયો છે ત્યારે આપણા શ્રી નરનારાયણદેવના મંદિરમાં પાટોત્સવ સહિતના અનેક દિવ્ય ઉત્સવો ઉજવાશે. સાથો સાથ વિવિધ મંદિરોમાં પણ આ નિમિત્તે સત્સંગ, ભજન-ભક્તિ, કથાવાર્તા અને ઉત્સવો થશે તો આપણે સૌએ આ અધિકમાસમાં આપણા ઈષ્ટદેવને રાજી કરવા તન, મન, ધનથી સમર્પિત થઈ વિશેષને વિશેષ ભજન-ભક્તિ સત્સંગ કરી લેવો. એજ આપણા મનુષ્ય દેહની સાર્થકતા છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (માર્ચ-૨૦૧૦)

૧. કુંડાલ ગામે પ.ભ. દિલીપકુમાર નાથાલાલ પટેલને ત્યાં યજ્ઞ પ્રસંગે પધરામણી.
અને ત્યાં હરિભક્તને ત્યાં અન્ય પધરામણી.

૨. શ્રી નરનારાયણ જયંતી પુષ્પદોલોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે ધામધૂમથી સંપન્ન થયો.
એક હરિભક્તને ત્યાં પધરામણી, સોલા.

૩. પ.ભ. મહેશભાઈ લાલજીભાઈ પટેલને ત્યાં પધરામણી, શીલજ.

૪. નરનારાયણ જ્વેલર્સમાં પધરામણી ઈન્ડિયા કોલોની.

૭. બાલાસિનોર ગામે પ.ભ. નવિનચંદ્ર ઓચ્છવલાલ કાછીયાને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૮. જેતલપુરધામ સર્વોપરિશ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૯. પ.ભ. ભૂપેન્દ્રભાઈ બારોટને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. ભરતભાઈ મથુરદાસ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૧૧ થી ૨૩ અમેરિકાના ટેકસાસ સ્ટેટના હ્યુસ્ટન (આઈ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ મંદિરના દશાબ્દી મહોત્સવ, બાયરન મંદિરની ખાત વિધિ વગેરે પ્રસંગે પધરામણી.

૨૪. રામનવમી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્યોત્સવ અને અક્ષર ભુવન શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વદહ્ હસ્તે ઉજવાયા.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર સરોડા (ધોળકાદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા હનુમાન જયંતી પ્રસંગે પધરામણી.

૩૧ થી ૧૪ એપ્રિલ ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડના ધર્મ પ્રવાસે પધરામણી.

---

### શ્રી સ્વામિનારાયણ માસિકના વાર્ષિક સભ્યો જોગ

શ્રી સ્વામિનારાયણ માસિકનું વાર્ષિક લવાજમ ભરતા સભ્યોને જણાવવાનું કે આપનું લવાજમ પુરૂ ક્યારે થાય છે તે આપના દર માસે આવતા અંકના પ્લાસ્ટીકના કવર (કોથળી) ઉપર છપાયેલું હોય છે તે જોઈ લેવું. અને તે મુજબ લવાજમ વહેલાસર ભરી દેવું. અમારું તો સૂચન છે રૂા. ૫૦૦-૦૦ ભરીને કાયમી સભ્ય બની જવું.

### વિદેશના સીમેઈલ સભ્યોને

શ્રી સ્વામિનારાયણ માસિકના ઘણા વરસો પહેલા વિદેશ વસતા હરિભક્તોએ સીમેઈલ લવાજમભરીને સભ્ય થયેલા. તેવા ૨૭ સભ્યો છે. જે સૌ સભ્યોને જાણ છે. ઈન્ડિયન પોસ્ટ ખાતાએ સીમેઈલ સર્વિસ સેવા છેલ્લા એક વર્ષથી બંધ કરી છે. જેથી એક વર્ષથી સીમેઈલ સભ્યોને એર મેઈલથી અંક મોકલવામાં આવે છે.તેમને વિનંતી છે કે તેમણે એરમેઈલનું લવાજમભરીને શ્રી સ્વામિનારાયણ માસિકના કાયમી સભ્ય બની જશો.

# રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

ભગવાન સ્વામિનારાયણના આપણે સર્વે સત્સંગી કહેવાઈએ છીએ. માટે સાચા સત્સંગી કોને કહેવાય એ જાણવું જરૂરી છે. ભગવાન સ્વામિનારાયણના શબ્દોમાં જ કહીએ તો વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણ વાનાં જેમાં હોય એ જ પાકો સત્સંગી છે. આ ત્રણેય બાબતોમાં નિશ્ચય અને પક્ષ આ બન્ને પાકા થઈ જાય પછી એમાં કાંઈ વાંધો આવતો નથી. આ જે મને શ્રીહરિ મળ્યા છે. તે જ પૂર્ણ પુરુષોત્તમનારાયણ, અક્ષરધામના અધિપતિ, સર્વ જગત નિયંતા ને કલ્યાણના કારક છે. એવો પૂર્ણ નિશ્ચય થાય પછી એ નિશ્ચયમાં ક્યારેય ડગમગાટ થતો નથી. શ્રીહરિ વનચામૃતમાં કહે કે, "એકવાર નિશ્ચય થયો કે આ લીમડાનું ઝાડ છે. પછી એ નિશ્ચય બદલાતો નથી. ચાહે હજાર જણા આવીને એમ કહે છે કે આ લીમડો નથી. બાવળ છે. પણ જેને પાકો નિશ્ચય છે કે આ લીંમડો જ છે. એ ક્યારેય બદલાય નહિ. એમ પરમેશ્વરનો પણ નિશ્ચય બદલાતો નથી. ઘણા એમ કહે કે, ભાઈ ને નિશ્ચય થયો હતો પણ તૂટી ગયો વાત જ ન બને પ્રથમ તો એને નિશ્ચય થયો જ નથી. કારણ પરિપૂર્ણ થયેલો નિશ્ચય ક્યારેય બદલાતો જ નથી કે તુટતો જ નથી. એ જ પ્રમાણે પક્ષ, ભગવાનના ભક્તમાં મારાપણું જણાય, સદ્‌ભાવ થાય, સ્નેહ જાગે, આ સંતો ભક્તો મારા છે. એવી આત્મીયતા બંધાય તેને જ પક્ષ કહીએ. જેમ તુલસીદાસજી લખે છે.''

**"તુલસી જયાકે મુખનસે, ભૂલે નિકસે રામ,**
**તાકે પગડી પહનિયાં, મેરે તનકી ચાલ."**

આવી આત્મીયતાનું નામજ પક્ષ. ભગવાનના ભક્તોની સાથે આવો પક્ષ બંધાય પછી એમાં પણ વાંધો આવતો નથી. પરંતુ નિયમમાં તો હરહંમેશ સાવધાની રાખવી પડતી હોય છે. જેમ ગમે તેવી ધારદાર તલવાર હોય પણ જો એને કાયમ સતેજ ન રાખે સંભાળ ન રાખે તો તે કટાઈ જાય છે. તેમ નિયમનું પણ એવું જ છે. નિયમમાં જો સાવધાની ન રહે તો એમા શિથિલતા આવ્યા વિના રહે જ નહિ. અને નિયમ એ એક એવી વસ્તુ છે. જેની સર્વ ને જરૂર પડે. આ સમગ્ર સૃષ્ટિ બ્રહ્માંડો, સૂય, ચંદ્ર, તારા, નક્ષત્રો, બધા પણ પોતપોતાના નિયમ અનુસાર ફર્યા કરે છે. ને આ નિયમમાં રહીને સર્વે સુખી જ થાય છે. આ પ્રમાણે નિયમની મહત્તા તો દરેક જગ્યાએ ઘણી બધી છે. પણ વાત એ છે કે નિયમમાં રહેવું સર્વેને બહુ કઠણ લાગે છે. મન ફાવે તેમ વર્તવામાં બધાને મજા આવે છે. પણ આમ નહિ. આમ કરો, એ વાત કઠણ બની જાય છે. નિયમમાં રહેવું એ તો તલવારની ધાર પર ચાલ્યા બરોબર છે. પણ શાસ્ત્ર એમકહે કે જીવનમાં નિયમ ખૂબ જરૂરી છે. એમાંય ભજન ભક્તિમાં, સત્સંગમાં તો નિયમિતતા ખૂબ જરૂરી છે. આપણે ક્યા નિયમમાં રહેવું. તો ભગવાનના ભક્તને તો પોતાના ઈષ્ટદેવ જે આજ્ઞા કરે, શાસ્ત્રો જે કહે એજ નિયમ. આપણને સર્વને તો ભગવાને દયા કરીને શિક્ષાપત્રી આપી છે. શિક્ષાપત્રીમાં આપણા માટે વિધિ અને નિષેધ મળીને કુલ છસોને બેતાલીસ આજ્ઞાઓ છે. એમાંય અગિયાર નિયમો ખૂબ મહત્વના બતાવ્યા છે.

ભગવાન સ્વામિનારાયણે એકવાર સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે સ્વામી એક એવું પ્રાર્થના પદ બનાવો જેમાં આપણા અગિયાર નિયમો આવી જાય. જેથી નિત્ય એનું ગાન થાય અને ખ્યાલ રહે કે આ આપણા નિયમો છે. આ નિયમમાં ક્યાં કાચપ છે. તેનો ખ્યાલ આવે. અને પ્રયત્ને કરીને તે કાચપ ટળે.

મહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ સુંદર પદની રચના કરી. આપણને સર્વેને એ પદ આપ્યું. જે આપણે દરરોજ ગાઈએ છીએ.

**"નિર્વિકલ્પ ઉત્તમઅતિ નિશ્ચય તવ ઘનશ્યામ,"**

આ પદમાં સ્વામી લખે.

**સહજાનંદ મહારાજ કે સબ સત્સંગી સુજાન,**
**તાકુ હોય દૃઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાન.**

સ્વામી આ નિયમોની મહત્તા લખતા આગળ લખે છે.

**"સો પત્રી મે અતિ બડે, નિયમ એકાદશ જોય,**
**તાકી વિક્તિ કહત હું, સુનિયો સબચિત પ્રોય."**

શિક્ષાપત્રીમાં જે નિયમ કહ્યા છે તેમાંથી "બડે" નહિ "અતિ બડે" બહુ જ અગત્યના અગિયાર નિયમ તેનું હું વર્ણન કરું છું.

અને એ અગિયાર નિયમો તે ક્યા તો.

**હિંસા ન કરની જંતુકી પરસ્ત્રિયા સંગકો ત્યાગ,**
**માંસ ન ખાવત મદ્યકુ પિવત નહિ બડભાગ્ય.**

આ આદિક જે અગિયાર નિયમ જે જીવનમાં અતિ જરૂરી દરેકે પાળવા યોગ્ય નિયમ કહ્યા. જે નિયમોને આપણે ક્રમશઃ હવે પછીના અંકમાં જાણીશું. (ક્રમશઃ)

# નિષ્કામી વ્રતધારી પરમ ભક્ત મૂળજી ખાંટ

- શા. રામકૃષ્ણદાસજી (આરદજવાળા)



પરમાત્મા શ્રીહરિને નિષ્કામી ભક્ત ખૂબ જ પ્રિય છે. નિષ્કામી એટલે જેને કોઈપણ કામની ઈચ્છા નથી. બીજો મતલબ એમ પણ થાય કે સ્ત્રીનો ત્યાગ. અષ્ટ પ્રકારના ત્યાગીને શાસ્ત્રોમાં બ્રહ્મચારી કહેલા છે. કામવાસના જીતવા માટે ભગવાને ઘણા ઉપાયો બતાવ્યા છે. શ્રીજી મહારાજે પ્ર.પ્ર.ના ૭૩ ના વચનામૃતમાં કહેલું છે કે કામ જીત્યાનું સાધન તો ઘણુંજ કઠણ છે. શ્રીહરિ કહે જેને ભગવાનની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશે પંચવિષયમાંથી નિર્વાસનિક થયો હોય અને તે નિર્વાસનિકપણાની ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનના પ્રતાપે કરીને નિષ્કામી થાય છે. શ્રીહરિ સંવત ૧૮૭૬ નો અન્નકૂટ ઉત્સવ કરવા દંઢાવ્ય પ્રદેશના ગામ આદરજ (મોટી) પધાર્યા હતા. શ્રીજી મહારાજને આદરજ પધારવા માટે રતુજી ખાંટ, મૂળજી ખાંટ, બાદરજી ખાંટ, અરજણજી ખાંટ અને થાના ખાંટ આદિ ભક્તોએ સંવત ૧૮૬૭ ની સાલમાં વૌઠાના મેળામાં ભગવાન શ્રીહરિને મળીને ભેટપૂજા કરીને આદરજ પધારવા પ્રાર્થના કરી હતી. નવ નવ વર્ષની રાહ જોવડાવ્યા બાદ આજે લટકાળો લાલ સ્વતંત્ર મૂર્તિ આદરજમાં તથા દંઢાવ્ય દેશના અનેક મુમુક્ષોના કલ્યાણ કરવા પધાર્યા છે. શ્રીહરિ આદરજમાં ઘણું ઘણું રોકાયા છે. રોજ સવારે પ્રાતઃકાળમાં પ્રભુ ગામના વિશાળ સરોવરમાં પાંચસો પરમહંસો, અને હરિભક્તોની સાથે સ્નાન કરવા પધારતા. ખૂબજ જળક્રિડા કરતા, સરોવરના કિનારા ઉપર વિશાળ આંબલિયું ના વૃક્ષો શોભતા હતા. આંબલીયુની વિશાળ ડાળો સરોવરમાં ઝૂકી રહી હતી. શ્રીહરિ આ ડાળોની ઉપર ચઢી જળમાં સંતો ગોળાકારમાં ઉભા રહેતા અને સંતોની મધ્યમાં કુદતા ! સંતો પણ ભગવાનનો સ્પર્શ કરવા નવડાવવા માટે આતુર રહેતા. ભગવાન જળની બહાર આવતા સંતોને ભાવસમાધિ લાગી જતી ! ભાન ભૂલાઈ જવાતું ! મંદ હાસ્ય કરતા મહારાજ સંતોને ભેટી પડતા. બાદ સરોવરની બહાર આવી પરમભક્ત રતુજી ખાંટના દરબારમાં પધારતા અને વિશાળ સભાનું આયોજન થતું. પાંચસો પરમહંસો અને હજારો હરિભક્તોની વચ્ચે મહારાજ ખૂબ ઉપદેશ કરતા. આજે નિષ્કામી વ્રત ઉપર વિશેષ વાર્તા કરી ભક્તોએ ભગવાનને રાજી કરવા અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું. મૂળજી બ્રહ્મચારીની સેવા મહારાજને ખૂબ ગમતી. કારણ મૂળજી બ્રહ્મચારી ઉર્ધ્વરેતા હતા. મહારાજે આ વાત વચનામૃતમાં કહેલી છે. શ્રીહરિનો ઉપદેશ સભામાં વહેવા લાગ્યો અનેક ભક્તો આજીવન બ્રહ્મચારી બની રહેવાની મનોમન પ્રતિજ્ઞા કરવા લાગ્યા.

આ સભામાં આદરજ ગામના રતુજી ખાંટના ભાઈ મુળજી ખાંટ પણ બેઠેલા. શ્રીજી મહારાજની વાણી સાંભળીને મનોમન નક્કી કર્યું કે શ્રીહરિ ને રાજી કરવા હોય તો બ્રહ્મચારી બની આજીવન ભજન કરી લેવું. અનંત કોટી બ્રહ્માંડનો માલિક આપણા જે તુચ્છ જીવ માટે આપણા જેવા થઈ વિચરે છે. તો આપણે પ્રભુ માટે શું કરી શકીએ ? ભગવાનને જે ગમે એવી જ રીતે રહેવું તો આપણે ભગવાનના વહાલા થઈશું. મનોમન બ્રહ્મચર્ય વ્રત આજીવન રાખવું, પરસ્ત્રી માત સમાન ગણીને જીવન જીવવું. આવી પ્રતિજ્ઞા કરી શ્રીજી મહારાજ મળ્યા ન હતા ત્યારે મૂળજી ખાંટને રામાયણનો ઘણો અભ્યાસ હતો. સંત તુલસીદાસજીના શબ્દો એમના જીવનમાં અંકિત થયેલા. આજે એમાંથી વૃક્ષ બન્યું. પરધન પથ્થર માનીયે, પરસ્ત્રી માત સમાન, ઈતને મે હરિ ન મીલે, તો તુલસીદાસ જમાન. મુળજી ખાંટ માનવા લાગ્યા કે ભગવાન મેળવવા ભોગનો ત્યાગ કરવો જ પડશે. આ ભક્ત મૂળજી ખાંટના જીવનનો પ્રસંગ આપણા સૌના જીવનમાં પ્રેરણા પુરો પાડનારો બની રહેશે. આદરજ ગામની બાજુમાં ધમાસણા ગામ છે.

શ્રીહરિનું પ્રસાદીનું તીર્થધામ છે. શ્રીજી સમકાલિન સંત ગુરુચરણરતાનંદ સ્વામીનું આ જન્મસ્થાન. ગામમાં વર્તમાનમાં પટેલો તથા દરબારોનો સારો એવો સત્સંગ છે. આ ધમાસણા ગામમાં એક પ્રસંગ બની ગયો. વરસો પહેલા દરબારોના કુટુંબમાં નણંદ અને ભોજાઈમાં સતત કુસંપ અણબનાવ રહેતો. નણંદબા કાંઈ કામ કરે નહીં ને નાહી ધોઈને સારા સારા વસ્ત્ર અલંકારો પહેરી ફર્યા કરે. ભોજાઈને આ ગમતું નહતું. એક દિવસ ભોજાઈ બોલી ગયા કે આવા સજીધજીને ફરો છો પણ પારકે ઘેર જશો ત્યારે ખબર પડશે. બાજુના ગામમાં મૂળજી ખાંટ છે એનું ઘર માંડો તો આવા રાણી જેવા સદાય રહેશો. નહીંતર બીજાને ત્યાં તો ખબર પડશે, હાથમાં મહેદીં નો રંગ પણ નહીં રહે, આ વાક્ય નણંદના કાળજામાં આરપાર ઉતરી ગયું ! નણંદે વિચાર કર્યો ઘર માંડીશ તો મૂળજી ખાંટનું ! નહીંતર આજીવન કુંવારી રહીશ. પોતાના માથે પાણીની હેલ લઈને આ બાઈ ચાલીને આદરજ આવી અને મૂળજી ખાંટના ઘર આગળ પોતાના માથે પાણીની હેલ ઉતારવા આ બાઈએ અવાજ કર્યો. તમારામાં મૂળજી ખાંટ કોણ છે ? મૂળજી ખાંટના દ્વાર આગળ ડાયરો જામેલો હતો. ત્યાં અચાનક કોઈ સ્ત્રીનો અવાજ આવતા મૂળજી ખાંટ દોડતા આ સ્ત્રી પાસે આવ્યા. આવકાર આપતા કહેવા લાગ્યા બહેન મારૂ જ નામ મૂળજી ખાંટ છે. બોલો શું કામ પડ્યું ? પોતાને અહીં સુધી કેમ આવવું પડ્યું ? આ સ્ત્રીએ પોતાની બધી વિગત સવિસ્તાર કહી. મારી હેલ ઉતારો, મારૂ પાણી ગ્રહણ કરો, મને પત્ની તરીકે સ્વીકારો. આ સાંભળી મૂળજી ખાંટ પોતાના કાનમાં આંગળીઓ નાખી ગયા અને બોલ્યા બહેનનું કોઈ ભાઈ પાણી ગ્રહણ ના કરે. મેં તમને બહેન કીધા તમે આજથી મારા માડી જાયા બહેન કરતા પણ વિશેષ છો. બહેન મારે તો જ્યારથી સ્વામિનારાયણ ભગવાન મળ્યા ત્યારથી આ દુનિયાની બધી સ્ત્રીઓ મા બહેન સમાન છે. તું ચિંતા ન કરીશ આજીવન તને મારા ઘેર મારી બહેન કરીને રાખીશ અને આવી રીતે જીવન જીવીશું તો જ શ્રીહરિનો રાજીપો મળશે. જોયું ભક્તો ! આ આદર્શ ગાથાના પરમ એકાંતિક ભક્ત મૂળજી ખાંટ આદરજ ગામના હતા. ભગવાનના એક વાક્યમાં તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા.

નોંધ : જે બાઈ મૂળજી ખાંટનું પાણી ગ્રહણ કરવા આવેલી એ બાઈએ પણ આજીવન બ્રહ્મચર્ય વ્રત રાખ્યું અને આજીવન ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશરો ગ્રહણ કરી ભગવાનના અક્ષરધામને પામી ગઈ. આ બાઈના મૃત્યુ બાદ જ્યાં અગ્નિ સંસ્કાર થયા ત્યાં દેરી બનાવી ગામલોકો એ વર્ષો સુધી આ બાઈની સતિની જેમ પૂજા કરી. બાધાઓ રાખીને આ સતિને આજે પણ ગામ લોકો યાદ કરી બે આંસુના પુષ્પ ચઢાવે છે. શ્રી સહજાનંદી બાગના આ બે પુષ્પો જે સંપ્રદાયમાં એટલા વિખ્યાત નથી પણ આદરજ ગામના દરેક માણસના હૃદયમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો યાદ છે. અને સદાય યાદ રહેશે.

# આનંદની હેલી

## રામકથા કે ગ્રામ્યકથા

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

પરમભક્ત દાદાખાચરનો દરબારગઢ. જેના ભાગ્યની કોઈ સીમા ન હોતી, જેમના નિવાસને પોતાનું ઘર બનાવીને મહારાજ ત્યાં ખૂબ નિવાસ કરતા.

શ્રીહરિ જ્યાં પણ નિવાસ કરતાં ત્યાં તેમને કથા સાંભળવામાં અતિ રૂચિ હતી. કથા વિના એક દિવસ પણ ચાલતું નહિ. જો સભામાં કે ક્યાંય ગ્રામ્યવાર્તા થતી હોય તો તેઓ અકળાઈ જતા. તેથી જ પ્રભુ એ ગ્રામ્યવાર્તા કરવાની મનાઈ ફરમાવી હતી.

દાદા ખાચરના દરબારમાં પ્રાગજી પુરાણી કથા વાંચતા હતા. પ્રસંગ સુંદર જામ્યો હતો. ત્યાં બહેનોની સભામાં વાતો થવા માંડી. ઘણા લોકોને ટેવ હોય છે કે સભામાં પણ સંસારની વાતો ચાલુ કરી દે. વાતોથી મહારાજને કથા શ્રવણમાં ભંગ થયો. મુળજી બ્રહ્મચારીને બોલાવીને પ્રભુએ કહ્યું, જલ્દી જાઓ. બહેનોને કહી આવો કે સભામાં ગ્રામ્યવાર્તા કરશો નહિ. પ્રભુની આજ્ઞા નથી. બ્રહ્મચારી ખૂબજ નિર્દોષ પ્રકૃતિના હતા. બહેનોની સભામાં જઈને કહ્યું બહેનો સભામાં કોઈ રામકથા કરશો નહિ. બહેનોય વિચારમાં પડી ગઈ કે મહારાજે રામકથા કરવાની શા માટે ના કહી હશે !

બ્રહ્મચારી પાછા આવ્યા. મહારાજે પૂછ્યું બ્રહ્મચારી ! બહેનોની સભામાં શું કહી આવ્યા ? મહારાજ ! મેં એવું કહ્યું કે મહારાજની આજ્ઞા છે કે કોઈએ સભામાં રામકથા કરવી નહિ. આ સાંભળીને મહારાજ હસી પડ્યા અને બોલ્યા કે જુઓને બ્રહ્મચારી કેવા ભોળા છે. તેમને મન ગ્રામ્યકથા અને રામકથા બંને એકજ છે. તેમના મનમાં સ્ત્રી કે પુરુષનો પણ ભેદ નહોતો. આવા નિર્દોષ હતા. એટલે જ પ્રભુને જમાડવાની સેવા તેમને મળી હતી.

# પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**કાંકરિયા મંદિર શહેર ચોર્યાસી પ્રસંગે (તા. ૧૯-૨-૧૦)** ભૂમિનું પણ એક પ્રારબ્ધ હોય છે. કાંકરિયાની આ ભૂમિ પર સર્વાવતારી સર્વોપરિ શ્રીહરિના ચરણારવિંદ પડ્યા. તેથી આ ભૂમિ ખૂબ ભાગ્યશાળી બની. તેથી પણ આગળ અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આ ભૂમિ પર બાલસ્વરૂપ હનુમાનજીની સ્થાપના કરીને આ ભૂમિને અધિક બળવાળી બનાવી છે. અશોકભાઈ (વિધાનસભાના અધ્યક્ષ) અહીં બેઠા છે. તેથી એક વાત કરું છું. રાજકાર્યમાં જેમ હથિયારોની જરૂર પડે છે. તેમ અમારે ધર્મકાર્યમાં પણ ઘણીવાર હથિયારોની જરૂર પડતી હોય છે. પરંતુ અમારા હથિયારો કોઈને વાગવા માટે નથી હોતા, માત્ર બીક બતાવવા માટે હોય છે. હમણા જ કાલુપુર મંદિરે મ્યુઝિયમમાં રાખવા માટે પ્રસાદીનો જે ભાલો આવ્યો. તેવા ભાલાઓ અને તલવારો મહારાજના સમયમાં પાર્ષદો રાખતા. અમૂક બ્રાહ્મણો જે સીધા ન ચાલે તેવા હોય તેવા બ્રાહ્મણોને આવા ચોર્યાસી પ્રસંગે મહારાજે હથિયારધારી પાર્ષદો દ્વારા બીક બતાવીને પણ લાડુ જમાડ્યા છે. મહારાજ જીવનું પરાણે કલ્યાણ કરે તેવા દયાળુ છે. શ્રીજી મહારાજની પ્રસાદીનું અન્ન પેટમાં જાય એટલે એમ પડ્યું પડ્યું શુભ વિચાર ઉત્પન્ન કરે.

મહારાજના ઐશ્વર્ય-પ્રતાપ અને ગુણોથી પ્રભાવિત થઈને બિશપ હેબર નામના એક પાદરી મહારાજને મળવા માટે છેક ઈંગ્લેન્ડથી નડિયાદ આવેલા. તે સમયે મહારાજ સાથે ૨૦૦ જેટલા હથિયારધારી પાર્ષદો હતા. બિશપ હેબરે આ જોયું. તેથી તેણે મહારાજને પૂછ્યું કે આ તમારા સેવકોને તમે કેટલો પગાર આપો છો ? મહારાજ કહે, એ બધા તો મોટા મોટા ગામોના ગામધણી રાજાઓ જેવા છે, તો પણ વગર પગારે અમારા માટે લોહીના છેલ્લા બુંદ સુધી લડે એવા છે. બિશપ હેબરને પણ અંગ્રેજ સરકારે ઘણા પગારદાર સૈનિકો આપેલા. પાદરીને તે કોઈ સૈનિકોના નામ નહોતા આવડતા, જ્યારે મહારાજ તો બધા જ પાર્ષદોને નામથી ઓળખતા હતા. બિશપ હેબરને મનમાં થયું કે કદાચ આ બન્ને જુથ વચ્ચે ધીંગાણુ થયું હોય તો જીતતો સ્વામિનારાયણના સેવકોની જ થાય. કારણ કે સ્વામિનારાયણના સેવકો કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના નિષ્ઠાથી સેવા કરે તેવા છે. બિશપ હેબરને મહારાજના પ્રતાપનો આટલો ગુણ આવ્યો તો પણ મહારાજ તેનું બીજા, ત્રીજા કોઈ જન્મે સત્સંગમાં મૂકીને તેનું કલ્યાણ કરે. એમ આવા બ્રહ્મચોર્યાશી આદિક ઉત્સવો પણ જીવનું કલ્યાણ કરવાના હેતુથી જ આપણે કરતા હોઈએ છીએ. આ ઉત્સવમાં જે કોઈ પોતાનું યોગદાન આપીને સહભાગી થયા છે તે સૌ ધન્યવાદને પાત્ર છે.

**એપ્રોચ (બાપુનગર) મંદિર પંચમ પાટોત્સવ મહોત્સવ પ્રસંગે (તા. ૧૯-૨-૧૦)** મહારાજના શબ્દો યાદ કરો. મહારાજ કહેતા કે, આ અમે જે કંઈ દાખડો કરી છીએ તે સર્વે સત્સંગીના હિતને માટે કરીએ છીએ. આમા અમારો જો કોઈ સ્વાર્થ હોય તો આ પાંચસો પરમહંસના સમછે. આ રીતે જ અમે પણ આજે જે કંઈ કાર્ય કરી રહ્યા છીએ એ કેવળ મહારાજની પ્રસન્નતા માટે, સત્સંગ ના હિત માટે કરી રહ્યા છીએ. દેશ વિદેશમાં ઘણા મ્યુઝિયમો છે. પરંતુ તે બધા નિર્જીવ છે. એકવાર તેનું દર્શન કરી લીધા પછી ફરીથી તેનું દર્શન કરવામાં ઉત્સાહ થતો નથી. આ મ્યુઝિયમતો અનંત જીવાત્માનું કલ્યાણ કરે એવું એક ધામ બનવાનું છે. કારણ કે અહીં તો બધી જ વસ્તુ ભગવાનના સંબંધવાળી રહેવાની છે. મહારાજના એક પ્રસાદીના રૂમાલનું દર્શન કર્યુ હોય તો ફરીથી પાછા એજ રૂમાલનું દર્શન કરવાનું મન થાય. કારણ કે આ વસ્તુ અલૌકિક છે. તેથી આ મ્યુઝિયમ પણ એક અદ્‌ભુત અને અલૌકિક સ્મારક બની રહેશે.

મહારાજે સર માલ્કમને આપેલી શિક્ષાપત્રી લંડનમાં આજે એક મ્યુઝિયમમાં મૂકેલી છે. ભૂતકાળમાં આપણા એ બાજુ ૧૦-૧૨ મંદિરો હતા ત્યારે શિક્ષાપત્રી મંદિરમાં દર્શન કરવા માટે ત્યાંના મ્યુઝિયમવાળા ચોક્કસ પાઉન્ડનો બોન્ડ લઈને શિક્ષાપત્રીને ગાડીમાં લઈ જવા દેતા. આજે સત્સંગ અને મંદિરો વધતા એ લોકોએ શિક્ષાપત્રી આપવાનું બંધ કરી દીધું. કારણ કે એ લોકોએ વિચાર્યું કે આ રીતે વારંવાર લઈ જવાથી શિક્ષાપત્રીને નુકશાન થાય. માટે જેને દર્શન કરવું હોય તે અહીં આવીને દર્શન કરી લે. હવે આમ જોવા જઈએ તો આ લોકો ઘણા નિત્ય નહાતા પણ નહીં હોય. છતાં તેઓને શિક્ષાપત્રીનો કેટલો મહિમા છે ! ત્યાં તો આ એક પ્રસાદીની વસ્તુ છે, જ્યારે આપણા આ મ્યુઝિયમમાં આવી અનેક પ્રસાદીની વસ્તુઓનું દર્શન થશે. અમે એક વાર સંતોની સાથે આ શિક્ષાપત્રીનું દર્શન કરવા ગયા ત્યારે ત્યાંના સતાવાળાઓ કહે, શિક્ષાપત્રીને સ્પર્શ નહી કરવાનો, દૂરથી દર્શન કરો. ત્યારે સંતોએ તેઓને કહ્યું કે આ શિક્ષાપત્રી તમારી પાસે છે એ તો આમના છઠ્ઠી પેઢીના દાદાએ આપેલી છે. આ સાંભળી તે અંગ્રેજોના મનમાં મહારાજ વસ્યા. મને એકને સ્પર્શ કરવાનો લાભ મળ્યો. અહીં શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સ્વામી કથા વાંચે છે, મહારાજના લીલા ચરિત્રો સંભળાવે છે. તે સ્વામીને તથા પી.પી. સ્વામીને બન્ને સંતોને મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓની નોંધ, તે વસ્તુઓનો મહારાજે શું ઉપયોગ કરેલો વગેરે નોંધ કરવાનું કાર્ય પણ અમે સોંપેલું છે.

મહારાજના વિચરણમાં ભારતનો નકશો જોઈએ તો ખ્યાલ આવશે કે ઘડિયાળના ચક્રમાં કાંટો ૧૨ થી શરૂ કરી ૯ ઉપર આવીને અટકી ગયો હોય તેમ મહારાજ ભારતમાં ઉત્તરથી શરૂ કરી દક્ષિણ થઈ પછી ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં આવીને અટકી ગયા છે. વન વિચરણ દરમિયાન મહારાજને કેટલાય રાજાઓ પોતાની કન્યા આપવા તૈયાર હતા, મહારાજને પોતાને ત્યાં રોકાઈ જવા માટે આગ્રહ કરતા હતા, પરંતુ મહારાજ ક્યાંય રોકાયા નથી. તે જ મહારાજ કચ્છ, કાઠિયાવાડમાં રોકાઈ ગયા છે. ભક્તોએ જગતનું સુખ કઈ રીતે માણવું, કઈ રીતે ભોગવવું તે પણ મહારાજે શીખવાડ્યું છે. ઘેર કોઈ અણગમતો મહેમાન આવે પછી આપણી તેની સાથે બહુ રૂચિ ન હોય તો પણ આપણે તેની સાથે બે શબ્દોથી વાત કરીએ છીએ, થોડી આગતા સ્વાગતા પણ કરીએ છીએ પછી મનમાં એમ થાય કે હવે આ અહીંથી જલ્દી જાય તો સારું. તેમ આપણે જગતમાં બહુ એટેચમેન્ટ ન રાખીએ, સત્સંગમાં જોડાણ રાખીને જગતનું જે ધર્મયુક્ત સુખ હોય તે અણગમતા મહેમાનની માફક ભોગવી લઈએ. બાકી સાચું સુખ તો સત્સંગમાં અને શ્રીજી મહારાજના આશરામાં જ રહેલું છે. સત્સંગનું સુખ ભોગવતા આવડી જાય તો કંઈ કરવાનું રહેતું નથી. કોઈ મોટેથી કહે તો યાદ ન રહે, પરંતુ તે જ વાત કોઈ આપણને બૂમ પાડીને નજીક બોલાવીને પછી કાનમાં કહે તો યાદ રહી જાય છે. મહારાજે આપણને કાનમાં કહ્યું છે કે અમારો આશરો દ્રઢ રાખજો.

હમણા જ એક હરિભક્ત અમોને વાત કરતા હતા કે અમૂક હરિભક્ત બહુ સારા છે. ચોટલી રાખે છે, ટી.વી. જોતા નથી. બહારનું ખાતા નથી. વગેરે વગેરે. પરંતુ તેઓ હમણા મૂળ સંપ્રદાયથી જુદા પડેલાના આશ્રિત થયા છે. તેના આશ્રિત છે. અમે કહ્યું, તો પતી ગયું ! ગુણો ગમે તેટલા સારા હોય તો પણ શું કરવાના ? ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે સૂતા સૂતા ખાય તેવો હોયતો પણ જો આશરો દ્રઢ હોય તો મહારાજ તેને તેડવા આવે છે. તેથી શ્રી નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવનો આશરો દ્રઢ હોવો જોઈએ.

રાત્રી સભામાં બીજે ક્યાંય જવાની ઉતાવળ હોતી નથી. શાંતિનું વાતાવરણ હોય છે તેથી કથા શ્રવણનો વિશેષ આનંદ આવતો હોય છે. જો કે આ રાત્રી સભામાં કોઈ સૂઈ જાય તો પણ જલ્દી કોઈને ખ્યાલ આવતો નથી. ગઢપુરની સભામાં મહારાજ કહેતા કે, કથા શ્રવણમાં કોઈને ઉંઘ આવતી હોય તો તેની બાજુવાળાએ તેને જગાડવો. છતાંય ઉંઘ આવે તો તેણે સભામાંથી ઊઠીને દંડવત્ કરીને ઉભા ઉભા કથા સાંભળવી, તોય ઊંઘ આવતી હોય તો ઘેલામાં સ્નાન કરીને પછી કથા સાંભળવી અને તેમ છતા ઊંઘ આવે તો શું કરવું ખબર છે ? ઘેર જઈને સૂઈ જવું ! આ મહોત્સવમાં સહભાગી દરેક સંતો-હરિભક્તોને અમારા ખૂબ ધન્યવાદ.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



કાંકરિયા મંદિર શહેર ચોર્યાશી પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કહે છે કે, **"આ આખું વર્ષ તો અમને મ્યુઝિયમ સિવાય બીજું કંઈ દેખાવાનું નથી"** મ્યુઝિયમને કેન્દ્ર સ્થાને રાખીને પ.પૂ. મહારાજશ્રીએ સભાને આશીર્વચનો કહ્યા હતા. (એપ્રોચ બાપુનગર મંદિર પંચમપાટોત્સવ તા. ૨૨-૨-૧૦પ્રસંગે)

અનંત કોટિ બ્રહ્માંડનાં અધિપતિ સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજ એપ્રોચ મંદિરમાં બિરાજ્યા તેને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા. આપણને જે ભગવાન મળ્યા છે, મંત્ર મળ્યો છે. સંતો અને શાસ્ત્રો મળ્યા છે. તે આ સત્સંગની બહાર ક્યાંય મળતું નથી. દુનિયામાં ભગવાન મેળવવા ઘણા લોકો ખૂબ મહેનત કરતા હોય છે. કેટલાય શાસ્ત્રો ઉથામે છે. તેમ છતાંય તેઓને ભગવાન મળે કે ન મળે, તેવા અતિશય દુર્લભ ભગવાન આપણને સહજ મળ્યા છે. સત્સંગની બહાર જોઈએ તો કોઈને ભગવાનને દંડવત્ કેમ કરવા તેય આવડતું નથી. દંડવત્ કરવા જાય તો કદાચ ધબ દઈને લાંબો થઈ જાય, જ્યારે આ સત્સંગમાં હરિભક્તનું નાનું બાળક પણ ચાલતા શીખે ત્યારથી જ ફર્સ્ટ કલાસ દંડવત્ કરતું હોય છે. ભગવાનને દંડવત્ કરવા, સત્સંગ કરવો, કથા સાંભળવી એ કંઈ નાની સૂની વસ્તુ નથી. કદાચ આ બધી વસ્તુ આપણને ખૂબ સહજ રીતે સરળતાથી મળી ગઈ છે. તેથી તેનો આપણે મહિમા જાણી શકતા નથી. હકીકતમાં મનુષ્ય જન્મ મળ્યા પછી કરી કરીને આ જ કરવાનું છે.

હમણા અમે આવ્યા ત્યારે સભા મંડપના ગેટ પર માણકી ઘોડી પર બિરાજમાન સહજાનંદ સ્વામીનું જે સ્ટેચ્યુ મૂકેલું છે. ત્યાં જોયું તો એક માજી તેના પૌત્રને તેડીને મહારાજનો ચરણ સ્પર્શ કરાવતા હતા. વળી માણકીના પગને પણ તેના પૌત્રને સ્પર્શ કરાવતા હતા. અમને થયું કે આ સ્ટેચ્યુમાં નથી મહારાજ કે નથી માણકી, માત્ર ભગવાન અને માણકીની આકૃતિ છે. તો પણ તે માજીને ભગવાનનો કેટલો મહિમા છે ! તેના પૌત્રને સંસ્કાર આપવાની કેટલી ખેવના છે ! પછી બીજો વિચાર એ આવ્યો કે ભગવાનની કથાના આવા સભામંડપમાં ભગવાનનું સ્ટેચ્યુ પણ પૂજાય છે. તો આવા સભામંડપમાં જે ભક્ત એકાગ્ર ચિત્તે ભગવાનની કથા સાંભળે તેની મહત્તા કેટલી વધી જાય ! માટે જ ભગવાનના ભક્તોએ પરસ્પર એક બીજાનો મહિમા અને સંપ રાખવો. ભક્તનો ગુણ ગ્રહણ કરવો. વચનામૃતમાં પણ મહારાજ કહે છે કે ભગવાનના ભક્તનો અવગુણ ગ્રહણ કરે તેને તો અડધો વિમુખ જાણવો. દરેકની પ્રકૃતિ અલગ અલગ હોય છે. કોઈ થોડો ક્રોધ કરે, કોઈને ઈર્ષ્યા આવે આવુ બધું ઘણું ચાલ્યા કરતું હોય છે. તેમ છતાં ભક્તના દોષો ન જોઈને તેના સદ્ગુણ હોય તે જ ગ્રહણ કરવો.

પૂર્વ વિસ્તાર ઘણો બહોળો છે. અહીં રહેતા સંતો અને શાસ્ત્રી શ્રી નિર્ગુણદાસજી સ્વામી સતત ભગવાનની વાતો કરીને આવી રીતે સત્સંગને પોષણ આપી રહ્યા છે. જેથી ઉત્તરોત્તર સત્સંગનો વ્યાપ વધ્યો છે. હમણાં જ અમે આવ્યા ત્યારે કથામાં નરનારાયણદેવની કેટલી સુંદર વાત ચાલતી હતી. પરંતુ સમયના અભાવે તે વાતને ટૂંકાવવી પડી. આપણી તકલીફ એ છે કે સમયના અભાવનો બધો જ કાપ છેવટે ભગવાનની કથા પર જ આવતો હોય છે ! દરેક ભક્તજનોએ ભગવાનના મંદિરમાં દર્શન કરવા જવું, કથા સાંભળવી અને એ રીતે સત્સંગમાં થોડો સમય પણ નિયમિત કાઢવો એ જ સુખનો રસ્તો છે, એજ આપણી સાચી સંપત્તિ છે. આપ સૌને મહારાજ કાયમ સુખિયા રાખે અને ઉત્તરોત્તર એ સુખમાં વૃદ્ધિ કરે એ જ શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં પ્રાર્થના.

# પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીની શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ્રચારાર્થે યુ.એસ.એ. ધર્મયાત્રા

- પ્રહલાદભાઈ વિ. પટેલ (ન્યુજર્સી) કરજીસણવાળા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એટલે શ્રીજી મહારાજનું ભરતખંડની પવિત્ર ધરતી ઉપરનું દિવ્ય સંભારણું ! શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો દિવ્ય સંકલ્પ એટલે આપણા સૌના લાડીલા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રીનો સંપ્રદાયને ચિરંજીવ અલૌકિક વારસો !

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય સંકલ્પને સારાયે વિશ્વમાં ખૂણે ખૂણે અખંડ ફેલાતો રહે તે અર્થે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સદાયે અવિરત વિચરી રહ્યા છે. માર્ચ ૪, ૨૦૧૦ ને ગુરુવારે પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી, શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને કનુ ભગત સર્વ પ્રથમ ન્યુજર્સી પધાર્યા. તરત જ બીજા દિવસે વાનમાં તેમની સાથે સ્વામી માધવપ્રસાદદાસજી, શ્રી પ્રહલાદભાઈ, શ્રી જ્ઞાનેશભાઈ, શ્રી સંજયભાઈ, શ્રી હરિકૃષ્ણભાઈ, શ્રી જયંતીભાઈ તથા શ્રી કનુભાઈ વોશિંગ્ટન ડી.સી. (અમેરિકાના પાટનગરમાં) યાત્રામાં જોડાયા.

વોશિંગ્ટન ડી.સી.માં શ્રી કનુભાઈ તથા શ્રી દિક્ષિત શાહ તથા હરિભક્તોએ ચાર દિવસમાં ત્રણ સભાઓનું આયોજન કર્યું હતું. હરિભક્તોના ઘરે ઘરે પધરામણીઓ કરતાં પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી ખૂબજ સુંદર ફાળો નોંધાયો. નાના બાળકોએ બચતમાંથી ફાળો આપ્યો. બહેનોએ પણ ઉદાર હાથે ફાળો આપ્યો. ૯ મી તારીખે પૂ. મહારાજશ્રી આપણા ચેરિહિલ, ન્યુજર્સી મંદિરે પધાર્યા. ત્યાં સભામાં જ હરિભક્તોએ પૂ. મહારાજશ્રીના આ ઉદાર કાર્યને વધાવી શ્રી પ્રફુલ ખરસાણી દ્વારા તૈયાર કરાયેલ વીડીયો સીડી તથા મ્યુઝિયમના પ્રોજેકટ એન્જીનીયર શ્રી કરસનભાઈ રાધવાણીની ખૂબજ રસપ્રદ માહિતીથી સારો પ્રતિસાદ મળ્યો.

તા. ૧૦ મી માર્ચે રીચમન્ડ સીટીમાં વડુના શ્રી અંબાલાલ પટેલને ત્યાં પધરામણી કરી થાળ કર્યો. ત્યાંથી પધરામણીઓ કરતા રાલે સીટીમાં હિંમતભાઈ પટેલને ત્યાં ઉતારો કર્યો. બીજા દિવસે આખો દિવસ પધરામણી કરી ત્યાંથી સાંજે ઓરેજબર્ગ જવા નિસર્યા. રાત્રે ત્રણ વાગે લગભગ પંકજભાઈ પટેલને ત્યાં પહોંચ્યા. વરસાદ અને વાવાઝોડામાં પણ ગાડી સડસડાટ ચાલતી હતી. વરસતા વરસાદમાં શ્રીજી મહારાજ બોટાદની બજારમાં વિચરતા હતા તેવું જ કાર્ય શ્રી મોટા મહારાજશ્રી મ્યુઝિયમ અર્થે કરી રહ્યા હતા. બીજે દિવસે આખો દિવસ પધરામણી કરી રાત્રે ફરી બે વાગે રાલે હિંમતભાઈને ઘેર પહોંચ્યા.

તા. ૧૩ મી શનિવારે રાલે સીટીમાં શ્રી નિરજભાઈ જોષીએ મંદિરના હોલમાં સુંદર સભા ગોઠવી હતી. સભા બે વાગે પતાવી ડ્રાઈવીંગ દશ કલાક કરી ન્યુજર્સી રાત્રે બે વાગે પધાર્યા. આરામનું તો નામજ નહિ. તા. ૧૪ મી રવિવારે વિહોકન મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો. સભામાં સૌએ મ્યુઝિયમ માટે ૧૨૦ યજમાન થઈ ફાળો નોધાવ્યો.

તા. ૧૬ થી તા. ૨૧ સુધી હ્યુસ્ટન મંદિરનો દસમો પાટોત્સવ ઉજવાયો. ત્યાં પણ પધરામણીઓ કરી સુંદર ફાળો નોંધાયો. હરિભક્તોને પૂ. મોટા મહારાજશ્રીના દર્શનનો ખૂબ લાભ મળ્યો.

# આધ્યાત્મિક માર્ગમાં આચાર્યશ્રી અનિવાર્ય છે

: પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

આધ્યાત્મિક માર્ગમાં ગુરુ તરીકે પૂ. આચાર્યશ્રી અનિવાર્ય છે, કારણ કે ગુરુરૂપી સૂર્ય જ સત્‌શાસ્ત્ર અને પુરાણોના કલ્યાણકારી અર્થ પ્રકાશિત કરે છે. શ્રીહરિ રસામૃતનો આસ્વાદ લેવો અને શ્રીહરિની ભક્તિ કરવી, તે આદર્શ આચાર્યશ્રીના અનુગ્રહ અને સહયોગ વિના શક્ય નથી, તેમના દ્વારા જ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ શક્ય છે. તેમની સંનિધિમાં મન દ્રવિત થઈ જાય છે!

વચનામૃત ગ.પ્ર. ૬૦ માં કહ્યું છે કે, "સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે.... વાસના રહિત વર્તવુ એ એકાંતિકનો ધર્મ છે....... વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત છે..... નિર્વાસનિક કહેતા એકાંતિક થવું તે એવા નિર્વાસનિક સંત થકી જ થવાય છે."

વાસનાથી મુક્તિ મેળવવા પૂ. આચાર્યશ્રી જેવા બ્રહ્મસ્વરૂપ ગુરુવર્યનું જ સાન્નિધ્ય અનિવાર્ય છે, કારણ કે, **"ગુરુ બિન જ્ઞાન નહિ, ગુરુ બિન ધ્યાન નહિ."**

પૂ. આચાર્યશ્રી જેવા ગુરુ તો એકાંતિક ધર્મના ધારક છે, માટે એમના વિના એકાંતિક ધર્મ પમાવો દુષ્કર છે. શ્રી સહજાનંદ સ્વામીના સમયથી "ધર્મવંશ પ્રાગટ્ય" ને આ સંપ્રદાય પ્રાધાન્ય આપતો રહ્યો છે. તેમના સમયથી વહી રહેલી આ છે દિવ્ય આચાર્ય પરંપરા!

બ્રહ્મવિદ્યાના ભોમિયા એવા આચાર્યશ્રીઓએ આ વસુંધરાને તથા સ્વામિનારાયણ સંપ્રદાયને દેશ વિદેશમાં વિચરણ કરીને સતત અધ્યાત્મનું જળ સિંચ્યુ છે, અને આત્યંતિક ભક્તોને આધ્યાત્મિકતાના શિખર સુધી લઈ ગયા છે. આધ્યાત્મિકતા એ સમગ્ર વિશ્વને ભારતનો વારસો છે. ભૌતિકજ્ઞાનની સિદ્ધિમાંય ગુરુની (શિક્ષકોની) આવશ્યકતા છે, તેમના વિના ચાલે જ નહિ, તો પછી અધ્યાત્મની અજાણી ભોમકામાં ભોમિયા વિના અર્થાત્ ગુરુ વિના કેમ ચાલે!

ટૂંકમાં કહીએ તો, પૂ. આચાર્યશ્રી એટલે અવતારના અવતારી એવા શ્રીહરિની અપાર કરુણા અને કૃપાનો અવિરત ધોધ! **આપણા સંપ્રદાયમાં પરમપૂજ્ય આચાર્યશ્રી જ આપણી સૌથી મોટી ઉપલબ્ધિ છે. આથી એમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું તે આપણી નૈતિક ફરજ છે.**

સ્વામિનારાયણ સંપ્રદાયની આચાર્યશ્રીઓની પરંપરાએ આધ્યાત્મિક ઉન્નતિ અર્થે ગુરુની અનિવાર્યતા ધર્મવંશ પ્રાગટ્ય દ્વારા સુપેરે દર્શાવી છે, એનું ઉત્તમોત્તમ ઉદાહરણ છે: **પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી છે.**

પૂ. આચાર્યશ્રી તો નિરુપમછે, ઉપમા રહિત છે, એ તો અલૌકિક છે. એમણે આપણો હાથ ઝાલીને નાવિક બનીને ભવસાગર પાર ઉતારવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. લૌકિક વિદ્યાઓના લૌકિક ગુરુ તો અનેક છે, પરંતુ પૂ. આચાર્યશ્રી એ જ છે જે આત્મસ્વરૂપનો બોધ દેશ-વિદેશમાં વિચરણ કરીને, ગામોગામ મૂર્તિ પ્રતિષ્ઠાઓ કરાવીને દ્રઢ નિશ્ચય અને દ્રઢ સ્થિતિ કરાવે છે. **અનુપમ પરબ્રહ્મ પરમેશ્વરની સકલ મૂર્તિ એવા પૂ. આચાર્યશ્રી સાક્ષાત્ શ્રીહરિનું જ સ્વરૂપ છે ! માત્ર ગુરુનું જ સ્વરૂપ નહિ !!**

પૂ. આચાર્યશ્રી એટલે જીવનની કેડીના ભોમિયા ! જેમણે આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર કર્યો છે તે જ માનવજાતના ગુરુ તરીકે અન્યને આધ્યાત્મિકતાની અનુભૂતિ કરાવી શકે છે. આચાર્યશ્રી પૃથ્વી પરનું ખરેખર સાક્ષાત્ શ્રીહરિનું જીવંત સ્વરૂપ છે, તે તો તેઓશ્રીનું વિલક્ષણ વ્યક્તિત્વ જ દર્શાવી આપે છે ! આ જીવંત સ્વરૂપ આત્માના અગાધ ઊંડાણમાં સદા સર્વદા રમમાણ કરે છે, અહોનિશ વસી રહે છે તે જ "સદ્‌ગુરુ" છે. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ આપી શકાય. **"ગુરુ એ છે કે જે શિષ્યને લઘુ ન રહેવા દે, ઈન્દ્રિય ભોગોથી ઉપર ઉઠાવી નિર્વિકાર નારાયણ-તત્ત્વમાં વિશ્રાંતિ અપાવી દે."**

સુખ પાછળ, ભૌતિકતા પાછળ દ્રવ્યોપાર્જન કરવા માટે ભટકી ભટકી થાકેલા માનવીને આખરે આધ્યાત્મિકતા તરફ વળવાની જરૂર છે. પૂ. આચાર્યશ્રીના દિવ્ય સાનિધ્યને લીધે શાંતિની અપાર અનુભૂતિનો આનંદ ઉપલબ્ધ થાય છે. સંતો અને હરિભક્તોના યોગક્ષેમના રખેવાળ માત્ર એક પૂ. આચાર્યશ્રી જ એક વિશિષ્ટ ગુરુ છે. ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલ સિદ્ધાંત, તત્ત્વજ્ઞાન અને સાધનાનો ત્રિવેણી સંગમ એટલે પૂ. મોટા મહારાજશ્રી, પૂ. આચાર્યશ્રી અને પૂ. લાલજી મહારાજ.

# પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીનો પ્રથમ આગવો વિદેશ પ્રવાસ તથા પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રી રાજાનો કેનેડા પ્રવાસ

- શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ (કેનેડા વતી)

અક્ષરધામમાંથી સ્વયં પધારી પૂર્ણ પુરુષોત્તમભગવાન સ્વામિનારાયણે ભારત વર્ષમાં સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. યુગો યુગો સુધી મુમુક્ષાર્થી માટે મોક્ષના દ્વાર ઉઘાડા કરી આવ્યા. આ જ રીતિને પોષણ મળે અને વધારે વ્યાપક બને તથા દેશ-વિદેશના લાકો મુમુક્ષુ જનો મૂળભૂત સંપ્રદાયને ઓળખે તેના માટે નરનારાયણદેવ ગાદીના વિદ્યમાન આચાર્યશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી હંમેશ પ્રયત્નશીલ રહે છે. અને વિદેશોમાં પણ દરેક મંદિર અને સત્સંગ સભામાં નિયમિત પોતાના દિવ્ય દર્શન તથા અમૃતવાણીનો લાભ આપે છે.

મોરનાં ઈંડાને ચીતરવા ન પડે તે કહેવત પ્રમાણે આપણા સૌના લાડીલા અને આપણી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્યશ્રીએ પણ ૧૨ વર્ષની યુવાન વયે પોતાના પ.પૂ. દાદાશ્રી અને પ.પૂ. પિતાશ્રીના પગલે સત્સંગની વૃદ્ધિ માટે દેશ-વિદેશની ધર્મયાત્રા કરવાની શરૂઆત કરી.

દરેક કેનેડાવાસી સત્સંગીઓ માટે ગૌરવની વાત છે કે તે માટે કેનેડાની પસંદગી કરી.

તા. ૧૨ મી માર્ચથી છ દિવસના ધર્મપ્રવાસ માટે પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને શ્રીરાજા સાંખ્યયોગી બાઈઓ સાથે કેનેડા પધાર્યા. તેઓશ્રીની આ પ્રથમ કેનેડાની મુલાકાત હતી. તદઉપરાંત તેઓશ્રી મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી વિના એકલાં જ પધારી રહ્યા હતા. તે કેનેડાના સત્સંગીઓ માટે ખૂબજ ગૌરવની વાત છે.

તા. ૧૨ મી માર્ચે બપોરે ચાર વાગે તેઓશ્રીના આગમન સાથે કેનેડાની ભૂમિ જાણે પાવન થઈ ગઈ. ધર્મકુળ ને આવકારવા મોટી સંખ્યામાં હરિભક્તો એરપોર્ટ ઉપર પધાર્યા હતા. આકાશમાંથી પ્રેમની વર્ષા ઝરમર થતી હતી. વરસતા વરસાદમાં પણ પધારેલા બહેનોની સંખ્યા જોઈ પૂ.ગાદીવાળાશ્રી પ્રભાવિત થયા હતા.

પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. શ્રી રાજા અત્રે પ્રથમ વખત પધારતા હોવાથી અહીં દરેક સત્સંગીઓમાં રોમાંચક આનંદ હતો. એમના છ દિવસના રોકાણ દરમ્યાનના ભરચક પ્રોગ્રામ બની ગયા હતા.

તા. ૧૨ મી માર્ચ શુક્રવારે પધાર્યા. શનિવારે સવારે મંદિરમાં બહેનોની સભામાં પ.પૂ. ગાદીવાળા, પૂ. શ્રીરાજાનું અને સાંખ્યયોગી કોકીલાબા અને ચંપાબાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘણા નવા સત્સંગી બહેનોએ, ભગવાને ખુદ જેમને અધિકાર આપ્યો છે. એવા આપણા પ.પૂ. ગાદીવાળાશ્રી પાસેથી વર્તમાન ધારણ કર્યા. તથા ગુરુમંત્ર લીધો. મહાપ્રસાદ લઈ બધા છૂટા પડ્યા હતાં.

શનિવારે સાંજે સાંસ્કૃતિક પ્રોગ્રામ લોકલ સ્કુલના હોલમાં રાખવામાં આવ્યો હતો. તેનું ઉદ્‌ઘાટન પ.પૂ. શ્રી લાલજી મહારાજે દીપ પ્રગટાવી કર્યું. પ.પૂ. ગાદીવાળાશ્રી અને શ્રીરાજાએ પણ કીર્તન ભક્તિ સભર રાસ ગરબા-નાટકનો આનંદ માણ્યો.

રવિવારે સવારે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાન ભક્તો દ્વારા ઠાકોરજીના અભિષેક અને આરતી કરવામાં આવ્યા હતા. ઘણા હરિભક્તોએ આ દર્શનનો લાભ લીધો હતો. પ.પૂ. ગાદીવાળાશ્રી પણ શ્રીરાજા સાથે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ધર્મકુળનું સ્વાગત પૂજન અને આરતી કરવામાં આવ્યા હતા. અંતમાં પ.પૂ. લાલજી મહારાજે સૌને આશીર્વાદ પાઠવ્યા હતાં.

રવિવારે સાંજે મંદિરમાં બહેનોની સભાનું આયોજન હતું. ચંપાબા એ કીર્તન ભક્તિ દ્વારા સભાની શરૂઆત કરી હતી. કોકીલાબાએ ભગવાનના સાકાર સ્વરૂપની નિશ્ચયની અને મહિમાની વાત ખૂબજ સરળ ભાષામાં ઓરડાના પદના વિશ્લેષણ દ્વારા સમજાવી હતી. તેના અનુસંધાનમાં જ પ્રશ્નોતરી પ્રોગ્રામમાં બહેનોને મુંઝવતા પ્રશ્નોની છણાવટ ખૂબજ સુંદર રીતે કરી હતી.

અંતમાં જેના માટે સૌ ઘણા આતુર હતા તેવા આપણા પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રીએ પોતાની દિવ્ય વાણીમાં આર્શીવચનમાં કહ્યું કે આ સત્સંગ એક પરિવાર છે. તે સમજાવ્યું. મનુષ્ય જીવનની પ્રાપ્તિ થઈ છે, સર્વોપરી ભગવાન ઓળખાયા છે. તો વિવેકી બની સત્સંગને પરિવાર માની ભગવાન ભજીશું તો તેમાં ભગવાનનો ઘણા રાજી રહેશે. ભગવાનની આપેલી શિક્ષાપત્રીનાં નિયમમાં રહેવાનું બળ રાખવું. ભગવાનના સ્વરૂપમાં દૃઢ વિશ્વાસ રાખવો. ભગવાનને ખૂબ ભજે તેને દુઃખી જોઈને અને ભગવાનને નથી ભજતો તેને સુખી જોઈને ભગવાનમાં અભાવ ન લાવવો. ભગવાન ભક્તની રક્ષા કરે છે. તેનો દૃઢ આશ્રય રાખવો.

આવી રીતે વચનામૃતની અટપટી વાત પોતાની સરલ શૈલીમાં દૃષ્ટાંત સાથે સમજાવ્યું. જે સાંભળીને સભા ધન્ય ધન્ય બની ગઈ. બધાને ખૂબ જ આનંદ થયો. ત્યાર બાદ સંધ્યા આરતી કરી. આરતી દરમ્યાન આશીર્વાદના રૂપમાં

નરનારાયણદેવે ધારણ કરેલ પુષ્પ નીચે પડ્યું. તેને શ્રી ગાદીવાળાએ સ્વીકારી લીધું.

સોમવારે અને મંગળવારે સવારે હરિભક્તોને ઘરે પધરામણી કરી, હરિભક્તોને પ્રેમથી એમના ઘરે મળ્યા. સોમવાર સાંજે ટોરોન્ટો ડાઉનટાઉન અને સી.એન. ટાવર ની મુલાકાત લીધી. સી.એન. ટાવર ની ઊંચાઈ પરથી ટોરોન્ટો શહેરને નિહાળ્યું. મંગળવાર સાંજે જગપ્રખ્યાત નાયેગ્રા ફોલ્સ જોવા ગયા. બધાને નાયગ્રા ફોલ્સ નિહાળવાની ખૂબ મજા આવી. બાદ હરિભક્તો સાથે પિકનિકનો આનંદ માણ્યો. પછી ઉતારે પધાર્યા.

બુધવારે સવારે મંદિરે દર્શન કરવા પધાર્યા. સાંજે ૬ વાગે એરપોર્ટ જવા પ્રયાણ કર્યું. ત્યાર સુધી સ્થાનિક હરિભક્તોને ઉતારે મળવામાં વ્યસ્ત હતા. સૌના દિલમાં વિદાયનું દુઃખ હતું.

પ.પૂ. લાલજી મહારાજે યુવાનોને, પ.પૂ. ગાદીવાળાશ્રીએ હરિભક્ત બહેનોને અને શ્રી રાજાએ નાની બાલિકાઓને પોતાના પ્રેમથી દોરીથી બાંધી દીધા.

અંતમાં વિદાય વેળાએ પ.પૂ. ગાદીવાળાશ્રીએ કહ્યું કે આ સત્સંગને અમે અમારા કુટુંબ તુલ્ય માન્યો છે અને અમે જરૂરથી પાછા આવીશું.

મંદિરના દરેક, નાના હરિભક્તને દિવ્યતાનો અનુભવ થયો. ખુદ ભગવાન એમનામાં બિરાજીને આ પ્રસંગ કર્યો તેવો અનુભવ થયો. અંત સમયે આ ઘડીઓ યાદ આવી જાય તો અક્ષરધામ જરાય છેટું નથી.

આ પ્રસંગ દરમ્યાન ઉત્તારાના યજમાન શ્રી પ.ભ. નૈમેષભાઈ ત્રિવેદી, સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાઈઓને માર્ગદર્શન આપનાર સ્વામીશ્રી સત્યસ્વરૂપદાસજી, બહેનોને માર્ગદર્શન આપનાર નીતાબેન મિસ્ત્રી અને સ્પેશયલ અમેરિકાથી અત્રે પધારેલ સ્વામી શા. સ્વામી માધવ સ્વામી સૌના ઉપર ધર્મકુળ તથા ભગવાન સ્વામિનારાયણની કૃપા હમેંશા બની રહે અને વધારેને વધારે સેવા કરવાનું બળ મળે તેવી શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના સહ.

## પ.પૂ. લાલજી મહારાજશ્રી અને ધર્મકુળનો ટોરોન્ટો કેનેડામાં ધર્મ પ્રવાસ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તા. ૧૨ માર્ચ થી તા. ૧૭ માર્ચ સુધી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, ભાવિ આચાર્યશ્રી પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પૂજ્ય શ્રી રાજા અને સાંખ્યયોગી બહેનો પ્રથમ વખત ટોરોન્ટો કેનેડામાં સત્સંગીઓને દર્શન અને ધર્મલાભ આપવા પધાર્યા. ન્યુજર્સીથી શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજી પધારેલ.

સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી (જેતલપુરધામ)ની પ્રેરણાથી અને શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ એક સાંસ્કૃતિક કાર્યક્રમ અત્રેના કોમ્યુનીટી હોલમાં તા. ૧૩ શનિવારના રોજ સાંજના ૩ થી ૭ યોજવામાં આવ્યો. તેમાં ૧૧ મહિનાના બાળકથી ૫૦ વર્ષના સત્સંગી ભાઈ બહેનોએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો. નાના ભૂલકાઓનો વેલકામડાન્સ, સ્વામિનારાયણ ગાડી, યુવાનોના રાસ, ભાંગડા, નાટક, બહેનોનાં ગરબા, નાટક અને હાસ્ય કલાકારનો પોગ્રામ વિગેરે સત્સંગના કીર્તન અને કથા આધારિત કાર્યક્રમો થયા. પૂજ્ય લાલજી મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી અને શ્રીરાજાએ કાર્યક્રમમાં પધારી, નિહાળી ભાગ લેનાર સૌનો ઉત્સાહ વધાર્યો, રાજીપો દર્શાવી રૂડા આશીર્વાદ આપ્યા.

તા. ૧૪ માર્ચ રવિવારની સવારની સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ હસ્તે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો. પૂજ્ય લાલજી મહારાજશ્રી અને શ્રીરાજાના હસ્તે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને આઈ.એસ.એસ.ઓ. કેનેડા લખેલી સુંદર ટ્રોફી આપવામાં આવી.

બહેનોને સત્સંગનો વિશેષ લાભ મળે અને યુવા-બહેનોમાં સત્સંગની જાગૃતિ આવે તે માટે તા. ૧૩ શનિવાર સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ અને રવિવાર સાંજેના ૫ થી ૭ બહેનોની ખાસ સત્સંગ સભાંઓ પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં આપણા મંદિરમાં યોજવામાં આવી. બહેનોએ ગુરુ પૂજન કરી, ગુરુ મંત્ર લીધો. આશીર્વચન અને પોતાના ગુરુનાં સાનિધ્યનો દર્શન લાભ લીધો.

વડતાલ ગાદી આશ્રિત હરિભક્તોનાં આમંત્રણને માન આપીને પૂજ્ય લાલજી મહારાજશ્રી દર્શનનો લાભ આપવા વડતાલધામ મંદિરમાં પધાર્યા.

પ.પૂ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી જી.ટી.એ. વિસ્તારમાં હરિભક્તોના ઘેર પધરામણી કરી તેમનાં મનોરથ પૂર્ણ કર્યા.

પ્રમુખશ્રી દશરથભાઈ ચૌધરી અને ઉપ પ્રમુખશ્રી નટુભાઈ પટેલે ધર્મકુળના ધર્મપ્રવાસનું સફળ અને સુંદર આયોજન સ્વયંસેવક ભાઈ-બહેનો અને સર્વ સત્સંગીજનોના સાથ અને સહકારથી કર્યું.

(ભાઈલાલભાઈ પટેલ)

# પૂજય મોટા મહારાજશ્રીનો ૬૨ વર્ષ પૂર્વે ઉજવાયેલો અનોખો જન્મ જયંતી મહોત્સવ

: પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

જીવનમાં કેટલાક પ્રસંગો અવિસ્મરણીય હોય છે. આપણા લાડીલા પૂજય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની કીર્તિ આજ દેશ વિદેશમાં ચોમેર પ્રસરેલી છે. સર્વ સત્સંગી હરિભક્તો, સંતો પાર્ષદો અને સમાજના હિતાર્થે તેઓ અંદાજે ૬૫ વર્ષની વયે સતત કાર્યરત છે. હાલે તો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે અહર્નિશ સ્વસેવા બક્ષી રહ્યા છે.

તા. ૧-૬-૧૯૪૭ નો "સુધા" અંક ભાઈશ્રી સંદિપભાઈ ચોકસીને હાથ લાગ્યો. એ અંકમાં મહારાજશ્રીની તૃતિય જન્મજયંતી વિષે સુંદર લેખ અપાયેલો છે. આ સુખદ સ્મરણ વાગોળવામાં સૌ વાચકો સહભાગી બની રહે તે માટે આ લેખ લખ્યો છે. ચૈત્ર વદ-૩ ના દિવસે કાળુપુર મંદિર રંગબેરંગી લાઈટો, રંગબેરંગી ધજાપતાકા અને આસોપાલવના તોરણોથી હર્ષ સભર શણગારવામાં આવેલું. મંદિરમાં બેન્ડ મધુર સૂરે રેલાયેલા.

શણગાર આરતી બાદ મંદિરમાં આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાનમાં આ પ્રસંગે હર્ષ સભા બોલાવવામાં આવેલી. જેમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી, સંત વર્યો, પાર્ષદો તથા સત્સંગીઓ ઉપસ્થિત હતા. પૂ. લાલજી મહારાજને સભામાં લાવ્યા ત્યારે ઉપસ્થિત સમુદાયે પુષ્પહારથી તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. જન્મમહોત્સવના આનંદના ચિન્હરૂપે કેટલાક ભક્તજનોએ તેમને ભેટ પણ અર્પણ કરી હતી. અમદાવાદ મંદિરના શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભગવાનની સ્તુતિ રજુ કરી હતી. મહા વિદ્યાલયના પ્રધાન પંડિત શ્રી દુર્ગાનાથ ઝાએ લાલજી મહારાજશ્રી ચતુર્થ વર્ષમાં પ્રવેશે છે તે અંગે સંસ્કૃતમાં સુંદર કાવ્ય રચીને રસાસ્વાદ કરાવ્યો હતો. ત્યારબાદ પાઠશાળાના પંડિત શાસ્ત્રી કાંતિલાલ યાજ્ઞિકે સ્વરચિત કાવ્ય સંસ્કૃતમાં રજૂ કર્યું હતું. બન્ને વિદ્વાનોએ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા શ્રી નરનારાયણદેવ તથા આચાર્ય મહારાજશ્રીની પરંપરા વિષે વિષદ છણાવટ કરેલી હતી. સભા મંત્રમુગ્ધ બની ગઈ હતી.

સંપ્રદાયમાં આચાર્ય પદ એ તમામ સત્સંગીજનો અને સંતો પાર્ષદો માટે આત્યંતિક કલ્યાણ કરનારું છે. એવી સુંદર અનુપમ વાણી પંડિતો-શાસ્ત્રીઓએ ઉચ્ચારી હતી. આ શુભ પ્રસગે વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘના અધિવેશનનું પ્રમુખ પદ સ્વીકારવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીને નમ્ર વિનંતી સંઘના મંત્રીશ્રી દેવનાયકાચાર્યે કરી હતી.

તેઓએ વર્ણવ્યું કે, "આપણા વંદનીય લાલજી મહારાજને શ્રી નરનારાયણદેવ દિર્ઘાયુષી કરે, ભવિષ્યમાં ધર્મધુરા વહન કરવા ખાસ બળ પ્રેરે, તેઓશ્રી ધર્મનું રક્ષણ કરે તેવી મારી શ્રીજી પ્રત્યે પ્રાર્થના છે." શ્રી માણેકલાલ રાયજી ભાઈએ પણ સુંદર પ્રવચન બુલંદ અવાજે કર્યું હતું. તેમણે કહ્યું કે, "શિલ્પી જે મૂર્તિ ઘડે છે તે મૂર્તિ પોતાની પાસે રાખી મૂકતા નથી. તેમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ લાલજી મહારાજને પોતાના એકલાનાજ રાખ્યા નથી. તેમને સમગ્ર સંપ્રદાયની સેવામાં અર્પણ કર્યા છે."

પૂ. નાથજીભાઈ શુકલે કહ્યું કે, "આચાર્યપદ એ તો શ્રી પુરૂષોત્તમનારાયણનું દિવ્ય પદ છે. તેમાં શ્રીજી મહારાજે પોતાનું દૈવત તથા ઐશ્વર્ય મૂકેલા છે. રાજકવિ થાણાદેવળી સ્ટેટનારેશાશ્રિત, પાલનપુર વાસી હમીરદાનજીએ ખૂબજ સુંદર સ્વરચિત કાવ્ય ગાઈને સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા."

**ઉદ્ધવીય સંપ્રદાય બાગકો વસંતરૂપ**
**શરદ સમાન સંત પંકજ સમાન કો**
**સનાનત ધર્મ નભ સર કોહનુર રૂપ**
**નરાગ્રજ પીઠ અધિરાજ શિરતાજકો**
**અવધપ્રસાદ ધર્મ આસન ઉજાસરૂપ**
**જન્મદિન તેજેન્દ્ર લાલ મહારાજ કો**

સંગીતાચાર્ય શ્રી વલ્લભદાસજી અને સંતોએ મોડી રાત સુધી નંદ સંતોના ભજનો ખૂબજ પ્રેમથી ગાઈ સંભળાવ્યા હતા. આ સમગ્ર પ્રસંગ ૬૨ વર્ષ પૂર્વેનો એક સીમા ચિન્હરૂપ કહી શકાય.

# પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૬ મો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો

(શા.સ્વામીનારાયણવલ્લભદાસજી)

ચૈત્ર વદ-૩ તા. ૧-૪-૨૦૧૦ ને ગુરૂવારના રોજ શ્રીનરનારાયણદેવની છત્રછાયામાં અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના પવિત્ર સાનિધ્યમાં આપણા સૌના લાડીલા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૬ મો પ્રાગટ્યોત્સવ વિશાળ સભા મંડપમાં સંતો-મહંતો અને હરિભક્તોની વિશાળ હાજરીમાં ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. જેમાં સૌ પ્રથમપ.ભ. જયેશભાઈ સોની દ્વારા કીર્તન ભક્તિ દ્વારા આરાધના કરી આ મંગલ પ્રસંગનું મંગલાચરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સભામાં સૌ પ્રથમ પવિત્ર વિદ્વાન શ્રી વાચસ્પતિ મિશ્ર, શ્રી કમલેશભાઈ શાસ્ત્રી વગેરે ભૂદેવો દ્વારા સ્વસ્તિવાચન કરી પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. સ્વસ્તિવાચન બાદ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ સૌ પ્રથમ પુષ્પમાળા અર્પણ કરી પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમજ પૂ. ધ્યાની સ્વામી હરિસ્વરુપદાસજી (ગાંધીનગર મંદિરના મહંત સ્વામી) તથા મોટા પી.પી. સ્વામી (જેતલપુર) તથા નારાયણઘાટ મંદિરના મહંત અને સ્કીમકમિટીના સભ્ય સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા છપૈયા મંદિરના મહંત અને સ્કીમકમિટીના સભ્ય સ.ગુ. બ્ર. વાસુદેવાનંદજી તથા મહંત શા.ગુરુપ્રસાદદાસજી (કાંકરીયા) મહંત શા. શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા) તથા મહંત શા. પ્રેમસ્વરૂપદાસજી (સિધ્ધપુર) તથા શા.સ્વામી નિર્ગુણદાસજી તથા શા. અખિલેશ્વરદાસજી તથા મહંત સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર) તથા શા.સ્વા. રઘુવીરચરણદાસજી તથા મહંત શા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) તથા શા. સ્વામી આનંદપ્રિયદાસજી તથા વિદ્યાર્થી સંત નારાયણમુનિદાસ તથા સ્કીમકમિટી સભ્ય પ.ભ. શ્રી દશરથભાઈ પટેલ તથા સ્કીમકમિટી સભ્ય પ.ભ. રમણભાઈ પટેલ વિગેરે સંતો હરિભક્તોએ પૂ. મોટા મહારાજશ્રીને હૃદયની ભાવના સહ પુષ્પમાળા અર્પણ કરી પૂજન આરતી કરી અલૌકિક લાભ લીધો હતો. તેમજ ઉપરોક્ત તમામ સંતો-મહંતોએ આ શુભ પ્રસંગે પ્રેરક પ્રવચનો કરી હૃદયની ભાવનાઓ અર્પણ કરી હતી.

આ શુભ પ્રસંગે પ.ભ. કોઠારી નંદલાલભાઈ તથા પ.ભ. સોની નિતીનભાઈ તથા શ્રી ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ વિગેરે હરિભક્તોએ પૂ. મોટા મહારાજશ્રીને પુષ્પહાર દ્વારા શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેમજ સત્સંગ બાળ મંડળના નાના નાના બાળકો પટેલ કૃણાલ, દોશી પ્રસાદ, દોશી મહર્ષિ, કોઠારી દર્શન, દોશી કીર્તન, પાવરા ઋતુરાજ, સોની અભિજીત, પાંડે જીગર વિગેરે પૂ. લાલજી મહારાજને પુષ્પમાળા અર્પણ કરી. પૂ. મોટા મહારાજશ્રીના મંગળ જન્મદિન પ્રસંગનું અદ્‌ભુત કાવ્ય રજૂ કરી સભા જનોને તરબોળ કર્યા હતા. આ શુભ પ્રસંગે ભાવિ આચાર્ય પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજીએ પોતાની અમૃતવાણી દ્વારા પોતાના દાદા પૂ. મોટા મહારાજશ્રીના સ્વાસ્થ્યની તંદુરસ્તી દીર્ઘકાળ સુધી જળવાઈ રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં કરબધ્ધ પ્રાર્થના કરી સંતો-હરિભક્તોને પણ આ અંગે પ્રાર્થના કરવા પ્રેરણા આપી હતી.

અંતમાં પૂ. મોટા મહારાજશ્રીએ વિશાળ સભામાં સંતો-હરિભક્તો પાસેથી પોતાના જન્મદિન પ્રસંગે શુભાશીર્વાદ આપવા અને આગામી 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ના મહોત્સવને સફળ બનાવવા સૌ સંતો હરિભક્તોને ભાવ-સભર પ્રેરણા કરી હતી, તેમજ આ પ્રસંગે સૌ સંતો-હરિભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સંચાલન શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંત) એ દીપાવ્યું હતું. છેલ્લે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધુન્ય સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## છપિયાનો આધ્યાત્મિક અર્થ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા એ ગામનું નામ છપૈયા. છપૈયા એટલે શું ? એ તમને ખબર છે ? તો આજે આપણે જાણીએ છપૈયાનો આધ્યાત્મિક અર્થ વૈષ્ણવાનંદ સ્વામીએ બહુ સુંદર કર્યો છે. સ્વામીએ લખ્યું છે કે પીયા એટલે પરમાત્મા-પીયા શબ્દ પરમાત્માના અર્થમાં વપરાય છે. પીયા શબ્દ પ્રાણના અર્થમાં, આત્માનાં અર્થમાં પણ વપરાય છે. પીયા એટલે પરમાત્મા, ભગવાન કાયમ સંતાઈને જ રહે છે. ઈચ્છા થાય ત્યારે પ્રગટ થાય છે. બાકી તો સંતાઈને રહે છે. ભગવાન ક્યાં સંતાય છે, ખ્યાલ છે ? કોઈ માણસ હાથમાં ન આવે ત્યારે પૂછીએ અલ્યા તું ક્યાં સંતાયો હતો પછી એજ ખુલાસો કરે કે હું તો અમુક જગ્યાએ જ સંતાયો હતો. આપણે સ્વામિનારાયણ ભગવાનને પૂછીએ, હે પ્રભુ ! તમે ક્યાં સંતાઈને બેઠા છો ? દેખાતા નથી. ક્યાં સંતાઈને રહો છો ? તો સ્વામિનારાયણ ભગવાને જવાબ આપ્યો છે ખ્યાલ છે કોઈને ? શ્રીજી મહારાજે જવાબ આપ્યો છે. પોતાની કલમે - ''હૃદયે જીવવત્ જીવે યોન્તર્યામી તયા સ્થિતઃ'' હૃદયમાં જેમ જીવ રહ્યો છે એમ જીવમાં અંતરયામી પણે ભગવાન બિરાજે છે. તો પીયા ક્યાં છુપાયા છે ? હૃદયમાં. એ હૃદયમાં છુપાયેલો પીયા જ્યારે આવીર્ભાવ પામે ત્યારે આપણું પોતાનું હૃદય-ભક્ત હૃદય છપૈયા બની જાય છે.

અને જે દિવસે આ હૈયામાં સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થાય એ દિવસ હરિનવમી બની જાય છે. અંતરમાં આનંદના ઓધ ઉછળે છે. હૈયામાં પરમાનંદ થાય છે. એટલો આનંદ થાય એટલો આનંદ થાય એ વૈષ્ણવાનંદ સ્વામીના શબ્દોમાં જ સાંભળીએ -

''ભુવિ કોટી પચાસ ભરે જલ પૂરન,
મોદ દધિ બઢ ઉર્ધ દીયો,
દિવિલંધ ગયો ૠષિ લોકરૂ સત્યસુ,
વૈકુંઠથાન ડુબાઈ દીયો,
દસચાર ભરાઈ બઢી ઉર્મિ,
અતિ જોરસે અંડકો ફોર દીયો,
ગઉ લોકકું ઓર ચલ્યો અસમાનસુ,
અક્ષરબ્રહ્મ મિલાઈ દીયો.''

છપૈયામાં અક્ષરધામના અધિપતિ પ્રગટ થયા તેથી સ્વામી કહે છે કે આનંદના સમુદ્રમાં ભરતી આવી. ધીમે ધીમે આખું છપૈયા આનંદના સમુદ્રમાં ગરકાવ થયું. એ આનંદ આખી પૃથ્વીમાં વ્યાપી ગયો. અને ત્યાંથી આનંદ સાગર ઉપર તરફ વધ્યો તો દેવલોક, ૠષિલોક, જનલોક, બ્રહ્મલોક વગેરેમાં ફરી વળી વૈકુંઠમાં પહોંચ્યો. ચૌદલોક એ આનંદથી ઉભરાયા અને એ આનંદ અંડકટાહ ફોડી ગોલોક સુધી પહોંચ્યો અને ત્યાંથી ''અક્ષરબ્રહ્મ મિલાઈ દીયો'' અક્ષરધામમાં જે આનંદ છે એ અને છપૈયામાં હરિ પ્રાગટ્યનો આનંદ બંને એક થઈ ગયા.

એ વખતે દેવતાઓના વાજીંત્રો વાગવા માંડે છે. કોણ દેવ ? સદ્‌ગુણો એ જ દેવતાઓ સદ્‌ગુણોની પરંપરા સર્જાય. જીવનમાં ભગવાન આવે તો જીવન સુધરી જાય. અરે કોઈ રાજકીય રીતે મોટો કહેવાતો માણસ આવવાનો હોય તો રસ્તા સાફ થઈ જાય. ગામડામાં બધું સુવ્યવસ્થિત થઈ જાય. એમ હૈયામાં આ હૃદયમાં પીયા પ્રગટ થાય તો આપણું હૃદય છપૈયા બની જાય અને સદ્‌ગુણોનો જયજયકાર થવા માંડે. દેવતાઓ નૃત્ય કરવા માંડે એના વાજીંત્રો વાગવા માંડે. સર્વત્ર જ્યાં જુઓ ત્યાં પરમાનંદ વ્યાપી જાય. કોઈ જગ્યાએ ઉદ્‌વેગ રહે જ નહિ. સૂર્યના રથમાં જે બેઠા હોય એને ક્યારે પણ રાત્રીની કલ્પના ન હોય.

માનો કે તમને ક્યાંક એવો કોઈ ઉપગ્રહ દ્વારા સૂર્યના રથમાં બેસાડી દે અહોહો પછી ક્યાંય અંધારૂ ન દેખાય. સૂર્યના રથમાં બેસનારને ક્યારે પણ અંધારાનો અનુભવ ન થાય. ત્યાં રાત્રી હોય જ નહિ. એમ પરમાત્માના રથમાં જે બેઠા એને સદાય સુખ, સદાય આનંદ અને એવાં ''આનંદ બ્રહ્મણો રૂપમ્'' ઉપનિષદ કહે છે હૈયામાંથી જે હરિનો આનંદ પ્રગટે છે એ જ બ્રહ્મનું રૂપ છે. જેને ભજનમાં, ભક્તિમાં, સત્સંગમાં, સેવામાં સંત

સમાગમમાં આનંદ આવે તો સમજવું કે તેને ભગવાનનાં સુખનો અનુભવ થાય છે.

સજ્જનો ! શ્રીજી મહારાજ આ ધરતી ઉપર પ્રગટ્યા એને બસો અઠ્યાવીસ વર્ષ પૂરા થયા. બસો ઓગણત્રીસમું વર્ષ શરૂ થાય છે. જ્યારથી છપૈયામાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ્યા ત્યારથી એ છપૈયા અક્ષરધામતુલ્ય બની ગયું. તેમ આપણા હૃદયમાં સ્વામિનારાયણ ભગવાન જો પ્રગટે તો જીવન કેવું બને ? આપણા હૈયામાં ભગવાનના દર્શન થાય તો આપણું હૈયું પણ અક્ષરધામ તુલ્ય બની જાય. આવા શુભ દિન નિમિત્તે જીવનમાં ધૈર્ય, સંપ, નિષ્ઠા આદિ સદ્‌ગુણો શક્તિ પ્રમાણે કેળવાય તો હરિનવમી સાર્થક થાય અને હૈયામાં ઠાકોરજી પ્રગટે અને કહે હે ભક્ત ! ચિંતા ન કરતો હું તારી સાથે જ છું. જ્યારે એ રીતે છપૈયા અને આપણું હૃદય બે એક બને ત્યારે સ્વામિનારાયણ ભગવાન જેમ બહાર દર્શન આપે છે તેમ હૃદયમાં દર્શન આપે અને એવા ભક્તને દેહ મુક્યા પછી ભગવાનના ધામમાં જવાય એવું નહિ એ તો સતે દેહે અક્ષરધામને પામી ચુકેલો છે. વચનામૃતમાં શ્રીહરિએ કહેલા આ શબ્દો એના જીવનમાં સાર્થક થાય છે.

●

## દૂધપાક નો પ્રસાદ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ગાય, ગંગા અને ગીતા એ ત્રણ આપણી સંસ્કૃતિ સાથે વણાઈ ગયેલ છે. એ ત્રણેય આપણી સંસ્કૃતિની માતાઓ છે. આપણા પ્રાચીન ઋષિ-મહર્ષિઓ પોતાના આશ્રમમાં ગાયો રાખતા, રાજાઓ પણ હજારો ગાયો રાખીને તેનું પાલન કરતા. પ્રજાજનોમાં પણ ગાયોનો મહિમા હતો.

પુરાણોમાં ગાયોને લગતી અનેક કથાઓ છે. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન નાના હતા ત્યારે છપૈયામાં એમને ત્યાં પણ ગાયો હતી. તેમાં એક ગાયનું નામ ગોમતી હતું. એ ગોમતી એવી ચમત્કારી કે જાણે બીજી કામધેનું જોઈ લ્યો.

વાત એમ બની કે એક દિવસે ભક્તિમાતાએ પ્રભુને વાટકામાં ખીચડી આપીને જમવા બેસાડ્યા. અને કહેતાં ગયા કે ધીમે ધીમે જમો હું ગાય દોહીને આવું છું. અને તમને દૂધ આપીશ.

પણ પ્રભુની લીલા તો અદ્‌ભુત છે. જમવાનું પડતું મુકીને ઘરમાંથી એક પ્યાલો લઈને ભક્તિ માતા પાસે પહોંચ્યા. માતાજી ગાય દોહતાં હતાં ત્યાં વચ્ચે જઈને પ્યાલો ધર્યો. માતાજી કંઈ સમજાવે તે પહેલાં તો ગાયના આંચળમાંથી દૂધની ધાર થવા લાગી અને પ્યાલું છલોછલ ભરાઈ ગયું.

માતાજી તો નવાઈ પામી ગયા. આ શું કહેવાય. એમણે તો ગોમતી ગાયના આંચળ નીચે દેગડું મૂક્યું થોડીવારમાં તે ભરાઈ ગયું. દૂધથી ભરેલું તે પાત્ર ઉપાડી ઘરમાં મૂકીને બીજું વાસણ લાવ્યાં. તે જોઈને પ્રભુ બોલ્યા કે પાછાં વળો. હવે દૂધ નહીં નીકળે. માતાજીએ બીજું પાત્ર ગાયના આંચળ નીચે મૂક્યું ખરૂં. પરંતુ દૂધ નીકળતું બંધ થઈ ગયું. ગોમતી ગાય તો દૈવી ગાય હતી. પ્રભુની સેવા કરવા એટલે કે ઘનશ્યામમહારાજને દૂધ પાવા માટે જ એમનો અવતાર હતો. એટલે ભગવાનની ઈચ્છા પ્રમાણે જ એ દૂધ આપતી.

હવે આખું દેગડું દૂધથી ભરેલું હતું. તે જોઈને માતાજીને વિચાર થયો કે લાવ ઝટઝટ દૂધપાક બનાવી નાખું અને પ્રભુને તથા સૌને જમાડું. પછી મોટું તપેલું ચૂલે મૂકીને બરાબર તાપ કર્યો અને સરસ દૂધપાક બનાવ્યો.

એ જોઈને જ ધર્મદેવે પૂછ્યું હતું કે એક જ ગાયના દૂધમાંથી આવડું તપેલું ભરીને દૂધપાક કેવી રીતે બનાવ્યો. પછી માતાજીએ પ્રભુના ચમત્કારની વાત કહી સૌને જમવા બેસાડ્યા. પ્રભુ પણ પિતાજી પાસે બેસીને દૂધપાક જમ્યા. ઘરમાં બધાં જમી રહ્યાં છતાં દૂધપાક ઘણો વધ્યો. તે માતાજીએ છપૈયા ગામમાં બધાને પ્રસાદી આપી અને આજે દૂધપાક કેવી રીતે બન્યો તે વાત સૌને કહી સંભળાવી.

ઘનશ્યામમહારાજ છપૈયામાં માતા-પિતાની સાથે રહીને આવાં તો અનંત ચરિત્રો કરે છે. પ્રભુની આ બાળલીલા સૌના કલ્યાણ માટે છે.

મિત્રો ! ગાય પ્રાણી છે. છતા પણ એ ભગવાનને ઓળખે છે. અને ભગવાનની મરજી જાણીને એ પ્રમાણે સેવા કરે છે. દૂધ આપે છે. તો જો માનવ માત્રે સુખી થવું હોય તો ભગવાન ને ઓળખીને ભગવાનની સેવા કરે તો એને સદાયને માટે દૂધપાક ને પુરીની લીલા લહેર....

## પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "અગિયારસ એટલે શું"

સંકલન : કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

અગિયારસ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન એ અગિયાર પ્રકારનાં રસનો ત્યાગ કરવાનો તેને અગિયારસ કહેવામાં આવે છે. અને પછી ઉપવાસ એટલે શું ? તો 'ઉપ' એટલે સમીપમાં અને 'વાસ' એટલે રહેવું આમ ઉપવાસ એટલે પરમાત્માની સમીપમાં રહેવું અને ઉપવાસના બીજા પણ બે લાભ છે. એક માનસિક અને બીજો શારીરિક. માનસિક લાભ શું છે ? તો આપણે રોજ જમવાનું બનાવવાનું તો તેમાં કેટલી બધી ક્રિયા કરવી પડે, એ બધી ક્રિયા ન કરવી પડે એટલે માનસિક રીતે એવું લાગે કે આજે શાંતિ છે. અને એટલે આધ્યાત્મિક ભજન-ભક્તિ કરવા માટે અને મહારાજની મૂર્તિનું ચિંતવન કરવા માટે સમય મળી જાય છે. અને બીજો લાભ શારીરિક. શારીરિક લાભ એટલે આપણે ચાર ટાઈમ ભોજન નહિ કરવાનું એટલે શરીરને આરામ મળે. અને મશીન હોય તેને પણ સતત ચાલુ ન રાખી શકાય તેને પણ આરામ આપવો પડે નહિતર એ મશીન બગડી જાય અને આપણે પણ થાકી ગયા હોઈએ અને થોડો આરામ કરીએ તો ડબલ સ્ફૂર્તિથી કામ કરી શકીએ છીએ. આમ ઉપવાસ કરવાથી આપણા પાચનતંત્રને પણ આરામ મળે છે. અને ઉપવાસ કરીએ એટલે એવું નહિ કે માત્ર ઉપવાસ કરવાથી મહારાજ રાજી થઈ જાય છે. પણ ઉપવાસની સાથે સાથે શ્રધ્ધા, નિષ્ઠા અને ઈન્દ્રિયો તેમજ અંતઃશત્રુઓને જીતવા એ બધું પણ એટલું જ જરૂરી છે. એક સરસ કહેવત છે કે જ્યારે 'કોઈપણ શત્રુને જીતી ન શકાય ત્યારે શત્રુના શત્રુ સાથે મિત્રતા કરી લેવી.' તો આપણા અંતઃકરણમાં અંતઃશત્રુઓ ક્યા છે ? તો 'કામ' તો કામનો શત્રુ 'બ્રહ્મચર્ય', 'ક્રોધ' તો ક્રોધનો શત્રુ 'શાંતિ', 'અહંકાર' તો અહંકારનો શત્રુ 'સરળતા', 'લોભ' તો લોભનો શત્રુ 'દાન', 'મોહ' તો મોહનો શત્રુ 'ત્યાગ' કહેવાય. આમ આપણે ઈન્દ્રિયો અંતઃકરણ પર વિજય મેળવવાનો છે. એક માણસ હતો તે માણસ ગધેડાની રસ્સી હાથમાં પકડીને જતો હતો તો માણસ આગળ ચાલતો હતો અને ગધેડો પાછળ ચાલતો હતો. પછી એક વ્યક્તિએ બીજા વ્યક્તિને કહ્યું કે તે રસ્સી તું કાપી આવ અને પૂછ્યું કે પછી શું થયું ? તો ગધેડો આગળ દોડવા લાગ્યો અને માણસ પાછળ દોડવા લાગ્યો. તો આપણે પણ જો ઈન્દ્રિયો-અંતરણ રૂપી રસ્સીઓને છૂટી મૂકી દઈશું તો આપણે પણ

# ભક્તિસુધા

ઈન્દ્રિયો-અંતરણની પાછળ દોડવું પડશે અને પરિણામે તેના ગુલામ થઈ જઈશું. પરમાત્મા સાથેનો જે આપણો અતૂટ નાતો છે તેને તુટતા વાર નહિ લાગે.

●

## સાચો બુદ્ધિશાળી કોણ ?

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીજી મહારાજે વચનામૃતમાં આપણી સામે બે રાજમાર્ગ બતાવ્યા છે. અધોગતિ કે પ્રગતિ. પસંદગી આપણે કરવાની છે. લગભગ ૧૦૦ ઉપરાંત વચનામૃતોમાં અવગુણ ટાળીને ગુણ ગ્રાહક બનવાની વાત પર શ્રીજી મહારાજે ભાર મૂક્યો છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં ભગવાનના ભક્તનો અભાવ, અવગુણ, દ્રોહ, કરવાની ૨૭૯ વખત ના પાડી છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં સાચો બુદ્ધિશાળી કોણ છે ? એ સમજાવતા આપણને આજ્ઞા કરી છે કે "જે કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય, ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યવહારિક બુદ્ધિ જાણવી. અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોખાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય. તેને તો અતિ મૂર્ખ જાણવો. અને થોડી બુદ્ધિવાળો હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે. અને એને જ બુદ્ધિવાળો કહીએ. જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહિને ગુણ પરઠે, તેને મૂર્ખ કહીએ, અને પોતામાં અવગુણ પરઠે તેને બુદ્ધિવાળો કહીએ."

હરિચરિત્રામૃતમાં મહારાજે કહ્યું છે. જે અમારી સેવા કરતો હોય અને હરિભક્તનો અવગુણ લેતો હોય પણ ગુણ કહેતો ન હોય તેની સેવા અમને વ્રજના પ્રહાર જેવી લાગે છે. જેના મૂળમાં અભાવની ઉધઈ લાગે તે ભક્તરૂપી મૂળ સમૂળું સૂકાઈ જાય છે. ફાવે તેવો ગુણવાન હશે ને નિર્દોષમાં દોષ કલ્પશે કે તેનો દ્રોહ કરશે તે જમપુરીમાં જ જશે. મોટાના અવગુણનું એવું પાપ છે કે જીવ જ નાશ પામી જાય છે. ભલે ને સૂરજ જેવો હોય તે પણ જો ભક્તનો અવગુણ લેશે તો કીડી જેવો થઈ જશે. જ્યાં સુધી બીજાનો

અવગુણ આવે છે ત્યાં સુધી કોઈ દિવસ આધ્યાત્મિક વિકાશ નહીં થાય. માટે સત્સંગમાં ટકવા આગળ વધવા માટે ગુણ ગ્રાહક બનવું. સત્સંગમાં દિવસે-દિવસે વૃદ્ધિ પામવી હોય, સુખીયા થવું હોય તો હંમેશા ગુણ જોવાની લેવાની અને કહેવાની ટેવ પાડવી. જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અભાવ આવે નહિ. ને ભગવાનના ભક્તના ગુણ ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

અભાવ-અવગુણ ભયંકર ઝેર પીવાની પ્રક્રિયા છે. ઝેરી વાયુનો સ્પ્રે છે. ગટરના પાણીનું પાન અને વિષ્ટાનું શયનને ભોજન ક્યાંથી સુખ આપે ? તેમ અભાવથી કોઈનો મોક્ષ સુધર્યો નથી ને સુધરવાનો પણ નથી. એ તો મોક્ષ મારગે દીધાં કમાડ કડી જડી બારણે એ તો લાખો વોલ્ટનો કરન્ટ છે. અડકવાથી ક્યાંથી બચાય ? બળીને ભસ્મ થઈ જવાય. તેના સદ્‌ગુણોની રાખ જ થઈ જાય. અભાવ અવગુણ એ ભગવાનને સંતથી વિમુખ થઈ જવાનો ધોરી માર્ગ છે. સંપને તોડવાના એટમબોંબ છે. અભાવ-અવગુણ કાળા ચશ્મા છે. એમાંથી સફેદ રંગ ક્યાંથી દેખાય ? છત્રીનો કાળો રંગ જોઈ ભેંસ તરત ભડકે છે. પરંતુ પોતાના કાળા રંગનો એને વાંધો નથી હોતો. ઊંટને બીજાના અંગે વાંકા જોઈને દુઃખ થાય. પરંતુ પોતાના અઢારેય અંગો વાંકા હોવા છતાંય કોઈ અફસોસ નથી. નવાઈ અને આશ્ચર્યની વાત તો એ છે કે, કોઈ વ્યક્તિને પોતાના અવગુણ તો દેખાતા જ નથી.

અભાવ-અવગુણ તો દોષોને દુર્ગુણોનું જનરેટર છે. પોતામાં નહિ હોય તોય ઉત્પન્ન કરશે. અને હશે તો તેમાં વધારો કરી આપશે. અભાવ તો સત્સંગની ભવ્ય ઈમારતને તોડવાની પ્રક્રિયા છે. એમાં સત્સંગ નહિ ટકે. કોઈનો અવગુણ આવે તે ટાઢો અગ્નિ છે. સાચા સંતનો અવગુણ લે તે ઘટી જાય છે. અભાવ તો ભગવાનને સંત સાથે સંબંધ તોડવાની સળગતી સુરંગ છે. ભગવાન કે સંતનો અભાવ લેશે તે પૂર્ણિમાના ચંદ્રમાં જેવો હશે તો પણ અમાવાસ્યાના ચંદ્રમાં જેવો થઈ જશે. માટે અભાવ-અવગુણ લેવો જ નહિ. કોઈનું વાકું ન બોલવું. ખટપટમાં ન પડવું. ને કોઈની પંચાત ન કરવી.

અક્ષરધામાં વન વે છે. અભાવ, અવગુણ લઈ એ તો રસ્તો બંધ જ છે. અવગુણ ન લઈએ તો જ અક્ષરધામમાં જવાય. શ્રીજી મહારાજે એકજ વ્યક્તિના અવગુણ જોવાની છૂટ આપી છે અને તે વ્યક્તિ બીજા કઈ નહીં પરંતુ આપણે પોતે જ. માટે જે પોતાના અવગુણ અને બીજાના ગુણ દેખે છે તેજ બુદ્ધિશાળી છે. એમ શ્રીજી મહારાજે સ્વમુખે કહેલું છે. પંચાળાના ત્રીજા વચનામૃતમાં : માટે આ વાતને વિચારી આપણે સત્સંગમાં વધીએ છીએ કે ઘટી છીએ તેનો તપાસ રાખવો. અને ગેરસમજણ હોય તો તેને દૂર કરીને સાચી સમજણને સ્વીકારવી તો છતાં દેહે બ્રહ્મરૂપ થવાશે. અને આઠે પહોર આનંદના સાગરમાં ઝૂલતા રહેશું.

હરિકૃપા વિના પોતાના દોષ દેખાય નહિ અને પોતાના દોષ જાણ્યા વિના મોક્ષરૂપી ગુણ આવે નહિ. નિજ દોષ દર્શન તે હરિની મોટી કૃપા છે. જ્યારથી સત્સંગ થયો ત્યારથી જો આપણે ભક્તોનો સંતોનો અભાવ-અવગુણ ન લીધો હોય તો ભગવાન નિત્ય દર્શન આપે. પણ જીવને અવગુણ લેવાની પ્રકૃતિ પડી છે. જેથી મોક્ષ માર્ગે તાળા લાગી ગયા છે. ને અક્ષરધામમાં જીવાત્મા જઈ શકતો નથી.

ભાગવતમાં વ્યાસ ભગવાને કહ્યું છે કે હે, નારદ ! મારામાં પ્રીતિ હોય, સ્નેહ હોય, અખંડ મારૂં ભજન કરતો હોય, સત્સંગ કરતો હોય, પરંતુ મારા સંતને દુઃખ દેતો હોય, અવગુણ લેતો હોય તો તે ભજન કરતાં કરતાં જરૂર નરકમાં જ જાય છે. ને અધોગતિ થાય છે. માટે ગુણગ્રાહી બનવાનો ખટકો રાખીને પરમપદની કહેતા અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. એજ અભ્યર્થના....

●

## ભક્તનાં ઘરની ચિંતા મહારાજને

– સાંખ્યયોગી અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢપુર)

આ વૈદ્યરાજની બીજી એક વાત સાંભળો, પ્રવૃતિવાળા બહુ, પણ ભક્ત સાચા. જે ભક્ત સાચો હોય તેને પ્રવૃતિ બાંધી ન શકે. રાત્રીનો સમય હતો. વૈદ્યરાજનાં પત્નીનું નામ હતું. અમૃતબેન. એ બંને ઘરમાં સૂતા હતાં. ઘરમાં આગ લાગી ઓસરીમાં નોકરાણી સૂતેલી હતી. આ ત્રણમાંથી કોઈ જાગ્યું નહિ. ભક્તને ઘેર આગ લાગે અને ચિંતા ભગવાન ને થાય. આ કેવું આશ્ચર્ય છે ! અનંત કોટી બ્રહ્માંડોનો વહીવટ સંભાળનાર ભગવાન પોતાના એક એક ભક્તની ચિંતા રાખે છે. માણસ એક ગામનો વહીવટ સંભાળતો હોય કે સંસ્થાનો વહીવટ સંભાળતો હોય તો પણ કેટલીય નાની બાબતોમાં નુકશાન થાય તે સંભાળી શકતો નથી. આપણે કહેવા જઈએ કે આ બધું નુકશાન થાય છે, તો કહેશે, એટલું તો થાય. અનંત બ્રહ્માંડોનો નાથ એક ભક્તનાં ઘરમાં આગ લાગે ત્યારે રક્ષા કરવા જાતે દોડી આવે છે.

ભગવાનને ખબર હતી કે ઘરમાં આવું નાનું કામ હોય તો કોને જગાડાય. શેઠને કે નોકરને. ભગવાનને નોકરને જગાડી. નોકરાણી ઓસરીમાં સૂતી હતી. એ જમાનામાં નોકરોનો પગાર ભલે ઓછો હશે પણ આ નોકરાણી ખૂબ ભાગ્યશાળી ગણાય. ભગવાનનાં ભક્તને ઘેર નોકરી મળે તો એ નોકર પુણ્યવાન ગણાય.

ગમે તેમ કહો પણ નોકર એ નોકર. સ્વામિનારાયણ ભગવાને જાતે જગાડી. આગ લાગી છે એમ કહ્યું, છતાં ઉંધું કરીને પડખું ફેરવીને સૂઈ ગઈ. કારણ કે, નોકર વિચારે કે આમાં મારું ક્યાં બળવાનું છે ! બળશે તો શેઠનું બળશે, આપણે શું ! નોકર અને ઘરધણીમાં મોટો તફાવત હોય છે. પ્રત્યેક વાતમાં ઝીણી નજરથી જુઓ તો આ ભેદનો તર્ત ખ્યાલ આવી જાય. તમે કોઈ ગાડીમાં બેઠા હો ત્યારે ગાડી ચલાવનાર તરફ નજર કરશો તો તરત ખ્યાલ આવી જાય કે આ ગાડી ડ્રાઈવર ચલાવે છે કે ગાડીનો માલિક પોતે ચલાવે છે. ઘરમાં કામ કરતા હો કે દુકાન અથવા ફેકટરી હોય, તમે ઝીણવટથી જુઓ તો ખ્યાલ આવીજ જાય કે આ કામ કરનાર ઘણીધણી છે કે પછી નોકર છે.

મંદિરમાં ભક્તો દર્શન કરવા આવે, ત્યાંય કચરો ભાળે, એટલે તરત મનમાં સંકલ્પ થાય. મંદિરમાં આટલા માણસો નવરા બેસી રહે છે. પણ આ કચરો ઉપાડતા નથી. અને તમારા ઘરમાં ક્યાંય કચરો પડ્યો હોય તો ! તરત ઉપાડી લેવાનું મન થાય.

ગઢપુર દાદાનાં દરબરમાં જ આવો જ એક કિસ્સો બની ગયેલો. સ્વામિનારાયણ ભગવાન લીંબડાનાં વૃક્ષ નીચે બિરાજી સંતો, ભક્તોને વચનામૃતની દિવ્ય વાણીનું રસપાન કરાવતા હતાં, વિશાળ સભા હતી, દરબારગઢનાં મુખ્ય દરવાજામાં કુતરુ બગાડી ગયેલું. જે ભક્ત સભામાં આવે તે જોતા જાયને મોઢું બગાડતા જાય અને મનમાં ગણગણતા જાય. જુઓને, અહીં કોઈ છે, દરવાજા વચ્ચે કૂતરા બગાડી જાય કોઈ જોનારો છે ! પણ તમે જોનારા નથી! ત્યાં ઉકા ખાચર આવ્યા ને ગંદકી ઉપર નજર પડી, એ કથામાં જ આવતા હતા. પણ પહેલી સેવા પછી કથા જતી હોય તો ભલે જાય. તરત જ માટી લાવી, બધું સાફ કર્યું. નાહ્યા-ધોયા કથા તો પૂરી થઈ ધૂન્ય થઈ રહી, અને ઉકા ખાચર સભામાં આવ્યા. એટલે ઘણા બોલ્યા કથા પછી આવ્યા. વહેલા આવતા હોય તો, સ્વામિનારાયણ ભગવાને કહ્યું, ઘરના ધણી હવે આવ્યા. એટલે જેને મમતા હોય, સ્થાન પ્રત્યે મમત્વ હોય એ ઘરનો ધણી, જેને મમત્વ ન હોય એ બધા પારકા. સર્વે સત્સંગી અમારા સગા વહાલા છે આનું નામ મમત્વ. આમમહારાજે ભક્તની સહાય કરી છે.

●

## અધમ ઉધ્ધારણ સ્વામિનારાયણ

– કોમલબેન ગુરુ સાં.યો. જયશ્રીબેન

તાવી ગામમાં નાનજી હાંડો એવે નામે એક કોળી રહેતો હતો. તેને ગામના હરિજનો કહેતા કે "તું વર્તમાન લઈને સત્સંગી થા" ત્યારે તે બોલતો કે "મારે સત્સંગી કે સાધુના હાથનાં વર્તમાન લેવા નથી પણ જ્યારે સ્વામિનારાયણ પોતે આંહી પધારશે ત્યારે તેના હાથના વર્તમાન લેવા છે." પછી કેટલેક દહાડે શ્રીજી મહારાજ કાઠીઓના સ્વારે સહિત તે ગામની સીમમાં નીકળ્યા તે વખતે નાનજી વગડામાં સાંતી હાંકતો હતો તેને બીજા કોઈકે કહ્યું કે "તું કહે છે કે મારે સ્વામિનારાયણના પોતાના હાથથી વર્તમાન લેવા છે તે એ છેટે જાય તે સ્વામિનારાયણ છે માટે વર્તમાન લેવા હોય તો દોડીને ભેગો થા." ત્યારે તે સાંતી પડતું મુકીને એકદમ મહારાજની વાંસે દોડ્યો તે મહારાજ આગળ ચાલ્યા જાય ને તે નાનજી ઉતાવળો ઉતાવળો વાંસે દોડ્યો જાય ને ઘણાં છેટે હતા તેથી દોડતાં શ્વાસ ચડી ગયો. તેવામાં મહારાજની નજર પડી તેથી બોલ્યા કે "સુરા ખાચર ! આ આપણી વાંસે કોણ દોડ્યું આવે છે ? માટે આપણે ઉભા રહો." એમ કહીને ઉભા રહ્યા ત્યાં તો તે નાનજી મહારાજની પાસે આવ્યો ને પગે લાગીને બોલ્યો જે "મહારાજ" ! ઘણા દિવસથી હું તમારી વાટ જોઈ રહ્યો હતો મારે તમારા હાથના વર્તમાન લેવા છે. એમ તે શ્વાસ ચડવાથી માંડ માંડ એટલું બોલી શક્યો. તે ટાણે ત્યાં મૂળજી બ્રહ્મચારી પાસે હતા. તેમણે કહ્યું ભાઈ ! કોઈની પાસે પાણીનો લોટો હોય તો લાવો આને મહારાજ વર્તમાન ધરાવે. ત્યારે મહારાજ બોલ્યા કે "બ્રહ્મચારી પાણીનું કામ છે કે અમારૂં કામછે" ? એમ કહી નાનજીનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યા જે "જ્યાં અમે રહીએ છીએ ત્યાં તને તેડી જાશું એ તારે વર્તમાન" તે સાંભળીને નાનજી બોલ્યો જે "હે મહારાજ ! મારે પૂજા કરવીને અબોટીયા રાખવા તેનું કેમ કરવું ?" ત્યારે મહારાજ કહે "તારે પૂજા અબોટીયાનું કાંઈ કામ નથી બહાર દિશાયે જા ત્યારે પાણીનો લોટો લઈને જાજે ને જ્યારે તુ દેહ મુકીશ ત્યારે હું તને તેડવા આવીશ." એવું મહારાજનું વચન સાંભળીને સહુ એમ બોલ્યા જે "અહો આ કોળીના તો બહુ મોટા ભાગ્ય થયા." એમ મહારાજને પ્રતાપે અધમનો પણ ઉધ્ધાર થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)

પ્ર. : ૧ "અંતરમાં ટાઢું હોય ને કોઈક વચન મારે તો ભડકો થાય તે સમાધાન કરવાનો ઉપાય તો જ્ઞાન છે." - આ વાત કોણે કહી છે.

પ્ર. : ૨ "એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે." - શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કહ્યું છે.

પ્ર. : ૩ ભક્તિની હૂંફ આપી બાજરીના રોટલા બનાવતા હતા. એક પછી એક રોટલો તાવડી ઉપરથી ઉતરતો હતો. એવામાં એક રોટલો હળવેક રહીને ફૂલ્યો. પણ બે પળ રહીને ફાટ્યો. બાઈએ સંકલ્પ કર્યો કે આ રોટલો મહારાજ જમે તો મહારાજને બહું જ મીઠો લાગશે. મહારાજ જમે એવો ભાવ કરનાર એ સ્ત્રી ભક્ત જેનું નામ માનબાઈ હતું પણ તે ક્યાં ગામના હતા?

પ્ર. : ૪ "બીજા કોટિ કોટિ કરે દાન રે, ના'વે જીવ ઉદ્ધાર્યા સમાન રે જેથી જનમ મરણ દુઃખ જાય રે, પામે અભયપદ સુખી થાય રે, એ તો પરમારથી મોટો ભારી રે, સહુ જુઓ મનમાં વિચારી રે એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે, પૂર્ણકામજે પુરુષોત્તમ રે." - પુરુષોત્તમપ્રકાશ કાવ્યમાં ક્યા પ્રકરણની આ કડી છે?

પ્ર. : ૫ આગામી ૨૦૧૧ માં કઈ તિથિ અને તારીખના રોજ સર્વ અવતારોના અવતારી ભગવાન સ્વામિનારાયણના સ્પર્શમાં આવેલ વસ્તુઓના દર્શન થશે?

પ્ર. : ૬ સ્વામિનારાયણ ભગવાનને દંભ ગમતો નથી તે ઉપરથી શતાનંદ સ્વામીએ જનમંગલ સ્તોત્રમાં ક્યું નામ પાડ્યું છે?

પ્ર. : ૭ દાદા ખાચરના બંને પત્નીના નામ જણાવો.

## માર્ચ-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રી કૃષ્ણ ભગવાનના અવતાર તથા શ્રી કૃષ્ણ ભગવાનની પ્રતિમા તેનું ધ્યાન કરવું. શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય ને બ્રહ્મવેત્તા હોય તો પણ તેમનું ધ્યાન કરવું નહી. શિક્ષાપત્રી શ્લોક ૧૧૫. (૨) વચનામૃત ગ.પ્ર.પ્ર. ૬૧, બ્રહ્માનંદ સ્વામી. (૩) જીણાભાઈએ કહ્યું કે હઠી તમારો થાશે તો તમે રાખશો તમારો નહીં થાય તો હું ભલામણ કરીશ તોય તમે રાખશો નહીં. (૪) કણબીનો છોકરો અને કુકડાનાં છોકરાં ભૂખે ન મરે, એતો ઉકરડાં ઉથામીને પણ પેટ ભરે! (૫) ૧. મુક્તમુનિ, ૨. બ્રહ્મમુનિ ૩. નિત્યાનંદ મુનિ ૪. ચૈતન્યાનંદ મુનિ ૫. અદ્વૈતાનંદ મુનિ. (૬) સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી. (૭) ૧. ઈલાવર્ત ૨. ભદ્રશ્વ ૩. કેતુમાલ ૪. રમ્યક ૫. હિરણ્મય ૬. કુરુ ૭. હરિવર્ષ ૮. કિંપુરુષ ૯. ભરતખંડ

૧. ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરા - અમદાવાદ
૨. જયકુમાર ઘનશ્યામભાઈ સુહાગીયા - હિરાવાડી
૩. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની - અમદાવાદ
૪. અરવિંદાબેન એન. ભાવસાર - ચાંદલોડીયા
૫. વીણાબેન આર. ભાવસાર - નવરંગપુરા
૬. રેખાબેન કીર્તિકુમાર પટેલ - ઊંઝા
૭. સાં.યો. ભારતીબા, મંજુલાબા - કાલુપુર હવેલી
૮. વર્ષાબેન અરવિંદભાઈ સોની - અમદાવાદ
૯. શિલ્પાબેન મણીલાલ પટેલ - દહેગામ
૧૦. માણેકબેન મણિલાલ પટેલ - દહેગામ
૧૧. અંજનાબેન મનુભાઈ પટેલ - નાંદોલ
૧૨. રામાણી સેજલ બાબુભાઈ - બાપુનગર
૧૩. વિશ્વજીતસિંહ આર. રાઓલ - ઘોડાસર
૧૪. પ્રગતિબેન શિલકુમાર - જીરાગઢ
૧૫. સાં.યો. સંગીતાબેન, સવિતાબેન - જેતલપુર હવેલી
૧૬. સાં.યો. શિલ્પાબેન, શીતલબા - કાલુપુર હવેલી
૧૭. સાં.યો. કોકીલાબા, ઉષાબા - સુરેન્દ્રનગર
૧૮. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ - રાણીપ
૧૯. પટેલ ગંગાબેન ભક્તિભાઈ - ઝુલાસણ
૨૦. જોત્સનાબેન રાજુભાઈ - આનંદપુરા
૨૧. વિનોદભાઈ પી. પટેલ - વહેલાલ
૨૨. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર - વિસનગર
૨૩. શારદાબેન કાન્તિભાઈ પટેલ - નાંદોલ
૨૪. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ - નાંદોલ
૨૫. હસુબેન કે. ઠક્કર - ઈસનપુર
૨૬. સાં.યો. ભક્તિબા, હીરાબા - પાટણ
૨૭. ભાવનાબેન કમલેશભાઈ - મોરબી
૨૮. સાકરબેન નટવરભાઈ - નાંદોલ
૨૯. અમૃતલાલ કે. મોદી - સોજા
૩૦. ગોરધનભાઈ શંકરદાસ પટેલ - સોજા
૩૧. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ - સીતાપુર
૩૨. કંચનબેન બાબુભાઈ - રતનપર
૩૩. અમરશીભાઈ વિ. વિઠ્ઠલાપરા - નવસારી
૩૪. ચંદ્રિકાબેન જ્યોત્સનાબેન - જીરાગઢ

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ ધામધૂમથી ઉજવાયો

ભરત ખંડના અધિષ્ઠાતા સર્વાવતારી શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં ફાગણ વદ-૨ તા. ૨-૩-૨૦૧૦ ના શ્રી નરનારાયણ જયંતી ફૂલદોલોત્સવ બપોરે ૧૨-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્યાતિ ભવ્ય ધામધૂમથી ઉજવાયો. સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની જન્મજયંતીની આરતી ઉતારીને અમદાવાદ મંદિરના વિશાળ પટાંગણમાં સુંદર ભવ્ય શમિયાણામાં ઈલેક્ટ્રીક મોટર્સથી અદ્‌ભુત કેસૂડાના રંગની પિચકારીઓના રંગથી પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સંતો અને હજારો હરિભક્તોને સતત એક કલાક સુધી અદ્‌ભુત રંગથી ભીંજવી દીધા. દરેકને મન આજના આ અલૌકિક અવસરને મહાલવો હતો ! માણવો હતો. અને જીવનમાં ઉતારવો હતો. આખો ચોક કેસૂડાના અલૌકિક રંગથી દેદિપ્યમાન લાગતો હતો. આ પ્રસંગે મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા માર્ગદર્શનથી જે.કે. સ્વામી, યોગી સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી અને મુનિ સ્વામીએ સુંદર સેવા બજાવી હતી. દૂરદર્શન અને ઈ.ટી.વી.ની કેમેરા ટીમે આ પ્રસંગનું સુંદર કવરેજ કરીને સમગ્ર દેશની ધાર્મિક પ્રજાને તેના દર્શન કરાવ્યા હતા. (શા. દિવ્યપ્રકાશદાસ)

### અમદાવાદ મંદિરમાં રામનવમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયો

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ચૈત્ર સુદ-૯ ના રાત્રે ૧૦-૧૦ ઘડી પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ કલાકે અક્ષર ભૂવનમાં બિરાજમાન બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક સંપન્ન થયો. બપોરે ૧૨-૦૦ લીલાપુરુષોત્તમશ્રી રામચંદ્રજી ભગવાનના જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. ગામોગામઅને શહેરના હજારો હરિભક્તો આજે દર્શનાર્થે પધાર્યા હતા. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી જે.કે. સ્વામી અને સંત મંડળે આજે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યુ હતું.

બાળ સ્વરૂપ ઘનશ્યામમહારાજના અન્નકૂટ દર્શન બપોરે ૧-૦૦ વાગ્યા સુધી સતત ચાલુ હતા. દરેક યાત્રિકોને ફળાહારની સુંદર વ્યવસ્થા મંદિર દ્વારા કરવામાં આવી હતી. બપોરે ગરમીમાં સુંદર મજાની છાસ દરેક ભક્તોને આપવામાં આવી હતી.

સભા મંડપમાં આપણા સંતો શા. દિવ્યપ્રકાશદાસજી ગુરુ મહંત સ્વામી તથા ખ્યાતનામકલાકારશ્રી જયેશભાઈ સોની, શ્રી ધવલભાઈ આદિ કીર્તનકારોએ કીર્તનોની રમઝટ બોલાવી હતી. રાત્રે ૧૦-૧૦ મિનિટે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાકટ્યોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગે મટકી ફોડનું સુંદર આયોજન તેમજ આતશબાજીથી સર્વત્ર મંદિર ગાજી ઉઠ્યું હતું. રાત્રે દર્શનાર્થીઓની ખૂબજ ભીડ જોવા મળી હતી. (તપન પટેલ)

### જેતલપુરધામમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ઉજવાયો

સંપ્રદાયના પ્રસિદ્ધ અને પવિત્ર પાવન તીર્થધામ જેતલપુર ધામશ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી સંકલ્પ સિધ્ધ સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો અને બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક પારાયણ શાસ્ત્રી સ્વામી હરિઓમપ્રકાશદાસજી (જેતલપુરવાડી) ના વક્તા પદે થઈ હતી. ફાગણ વદ-૮ ને તા. ૮-૩-૨૦૧૦ ને સોમવારના રોજ પ્રાત ૭-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. આ પ્રસંગના હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા. પાટોત્સવની પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ યજમાન પરિવારના પ.ભ. ચંદુભાઈ શિવાભાઈ ગણાત્રાએ (કલોલીવાળા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. શ્રીહરિયાગનું આયોજન શ્રી તુષારભાઈ લહેરૂના આચાર્ય પદે સંપન્ન થયું હતું. પાટોત્સવના આગલા દિવસે યજમાન દ્વારા ભાવથી બનાવેલ તમામદેવોના વાઘા-અંલકારોની શાલ સાથે અક્ષર મહોલ વાડીથી ભવ્ય જળયાત્રા મંદિર સુધી કાઢવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા (પી.પી. સ્વામી) મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી; શ્રી પ્રભુદાસ પટેલ કુબડથલવાળાના સૌજન્યથી ગંગામા ના જીવન કવન પર મૃદંગ સ્ટુડીયો વાળા શ્રી યોગેશભાઈ પંડ્યા દ્વારા બનાવેલ વી.સી.ડી.નું વિમોચન તથા સંપ્રદાયની માહિતી સભર

"સત્સંગ સાગર" ગ્રંથ તથા દર રવિવારે ઘરના સભ્યો માટે "ઘર સભા" પુસ્તક મોટા પી.પી. સ્વામી એ તૈયાર કરેલ આ તમામ પ્રકાશનનું પ.પૂ. મહારાજશ્રીએ વિમોચન કરી પૂ.પી.પી. સ્વામીનું સન્માન કરી અભિનંદન આપ્યા હતા. મહેસાણામાં કશળીબાના ઘરમાં શ્રી વૈભવભાઈ શાહને થયેલ પરચો તેમણે તેમનીજ ભાષામાં અદ્‌ભુત રીતે વર્ણવ્યો હતો. જેતલપુર ધામના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય પી.પી. સ્વામી, મૂળી મંદિરના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, ધોળકા મહંત શા. સ્વા. પૂર્ણપ્રકાશદાસજી, જમીયતપુરાના ઘનશ્યામસ્વામી, અક્ષરમહોલવાડીના શા.હરિઓમપ્રકાશદાસજી, છપૈયા મહંત સ્વામી બ્ર. વાસુદેવાનંદજી આદિ સંતોના પ્રેરક પ્રવચન બાદ છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મહંત કે.પી. સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. (શા. ભક્તિનંદનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શહેર ચોર્યાસી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ફાગણ સુદ-૫ તા. ૧૫-૨-૨૦૧૦થી ૧૯-૨-૨૦૧૦ પર્યન્ત શહેર ચોર્યાસી, પાટોત્સવ અને પારાયણનું સુંદર આયોજન થયું. શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું રસપાન કરાવ્યું હતું. તા. ૧૯-૨-૨૦૧૦ ના રોજ સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ઠાકોરજી તથા કષ્ટભંજનદેવનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. સવારે ૯-૦૦ કલાકે શ્રી રાધાકૃષ્ણદેવની શણગાર અને અન્નકૂટ આરતી પૂ. મહારાજશ્રીએ ઉતારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ યજમાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. તથા અમદાવાદ-જેતલપુર, ધોળકા, મૂળી વગેરે ધામોના સંતો, મહંતો, ભૂદેવો અને વિધાન સભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટ પધાર્યા હતા. સૌએ આ મંદિર અને આ ચમત્કારી કષ્ટભંજનદેવનો મહિમા કહ્યો હતો. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ઉત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવવા સૌને કટિબદ્ધ થવા આજ્ઞા કરી હતી. પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસે ઠાકોરજીની શણગારની સેવા તથા નરોત્તમભગતે અને સંતોએ રસોડાની સેવા તથા મણીનગર અને કાંકરિયાના હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

(નરોત્તમભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ રજત જયંતી મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી મહંત શ્રી નારાયણઘાટ) ના માર્ગદર્શનથી રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતા તા. ૨૦-૨-૨૦૧૦ થી તા. ૨૪-૨-૨૦૧૦ પર્યન્ત રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર)ના વક્તા પદે ધામધૂમથી સંપન્ન થઈ. પ્રથમ દિને પોથીયાત્રામાં હજારો ભક્તજનો જોડાયા હતા. પ્રથમ દિને શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો. બીજા દિવસે સાંજે કથા બાદ ભવ્ય શોભાયાત્રામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે વિશાળ સંખ્યામાં સંતો અલૌકિક દર્શન આપતા હતા. આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

સાંજના સત્રમાં શ્રીહરિનો ગાદી અભિષેક અને ૪થા દિવસે સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદ આપી કથાનું રસપાન કર્યું હતું. સાંજે શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠાનું આબેહૂબ દર્શન સભા મંડપમાં કરાવવામાં આવ્યું હતું.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ પ્રથમ વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરી પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે મંદિરમાં પધારીને ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) તથા સ.ગુ. શા. નાના પી.પી. સ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ) આ ત્રણેય સંતોની પ્રેરણાથી ૨૦૧૦-૧૧ નું વર્ષ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજ એમ ત્રણેય સ્વરૂપને રજત તુલા દ્વારા તોલવાનું અલૌકિક આયોજનની જાહેરાત થતા સભામાં ઉપસ્થિત ધર્મકુળપ્રેમી ભક્તોએ ૧૫૦ કિલો રજત થોડીક જ વારમાં એકઠું કરી દીધું હતું. પ.પૂ. મહારાજશ્રીનો સંકલ્પ છે કે પૂજામાં રહેલા ઠાકોરજીની પણ સુવર્ણ તુલા કરવી. આ લાભ માત્ર બહેનોએ

લઈ પોતાના પહેરેલા દાગીના સુવર્ણ તુલામાં અર્પણ કરી પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો. આ મહોત્સવમાં અનેક નાના મોટા હરિભક્તોએ યજમાન બની અલૌકિક સેવાનો લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું. રાણીપ મંદિરની કમિટી, મહોત્સવ સમિતી તથા સ્વયં સેવકોએ સુંદર પ્રેરણાત્મક સેવા કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

**નવાવાડજ મંદિરમાં ઉજવાયો સુવર્ણ જયંતી મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની (મહંત શ્રી નારાણઘાટ) પ્રેરણા તથા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર, નવાવાડજ કૃષ્ણનગરના ૫૦ વર્ષ પૂરા થતા તેમજ બહેનોના નૂતન મંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨૧-૩-૧૦ થી તા. ૨૫-૩-૧૦ સુધી સુવર્ણ જયંતી મહોત્સવ ધૂમધામથી ઉજવાયો.

સુવર્ણ જયંતી મહોત્સવ અંતર્ગત ઘણા નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ બિરાજી હરિભક્તોને હરિરસમાં તરબોળ કરી દીધા હતા. ત્રિદિનાત્મક હરિયાગ, મહાપૂજા, ૫૧ કલાકની અખંડ ધૂન, અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન, રાત્રિ કાર્યક્રમ સાથે કથામાં આવતાં સર્વે પ્રસંગોની ઉજવણી પણ કથા મંડપમાં કરવામાં આવી હતી. ભવ્ય પ્રદર્શનનું આયોજન યુવક મંડલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં ભક્તો એ પાંચ દિવસ સુધી પ્રસાદ આરોગ્યો હતો. ભક્તોએ રાત દિવસ એક કરી આ ઉત્વસમાં સેવા કરી હતી. સુવર્ણ જયંતીના યજમાન પ.ભ. ભીખાભાઈ પરમારે લાભ લીધો હતો. બીજા ઘણા ભક્તોએ નાના મોટી તન-મન-ધનથી સેવા કરી લાભ લીધો હતો. ચોથા દિવસ સાંજે પ.પૂ. મહારાજશ્રી અને સંતો સાથે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' શોભાયાત્રા વાડજ વિસ્તારમાં નીકળી હતી. સવારના સત્રમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને વાડજના સમસ્ત હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. છેલ્લા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઘણા હરિભક્તોએ સેવા કરી હતી. સ.ગુ.શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (મહંતશ્રી અમદાવાદ) તથા સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (મહંતશ્રી નારાણઘાટ)નો શુભ સંકલ્પ હતો કે લાલજી મહારાજની સુવર્ણતુલા કરવી એમાં પણ ભક્તોએ લાભ લઈ સંકલ્પ પૂર્ણ કર્યો હતો. સાથે સાથે ઠાકોરજીની સુવર્ણતુલામાં પણ બહેનોએ સુંદર લાભ લીધો હતો. સમગ્ર મહોત્સવ દરમ્યાન ધામેધામથી સંતો પધાર્યા હતા. મહોત્સવનું સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, નારણઘાટ) તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ (કોટેશ્વર ગુરુકુળ) સંભાળ્યું હતું.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**બાલાસિનોરમાં યુવા શિબિર તા. ૨-૫-૨૦૧૦**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આગામી તા. ૨-૫-૨૦૧૦ ને રવિવારના રોજ બાલાસિનોર મુકામે કણભાદેશ. આંત્રોલી દેશ, કપડવંજ દેશ, બાલાસિનોર દેશ, લુણાવાડા દેશ તથા સંતરામપુર દેશ આમ ૬ દેશના હરિભક્તોનું સ્નેહ સંમેલન (શિબિર) બાલાસિનોર મુકામે યોજવામાં આવેલ છે. તો દરેક ગામના આગેવાન, કોઠારીશ્રી તથા યુવક મંડળના પ્રમુખશ્રીએ નીચેના નંબર પર સંપર્ક કરવો. : ૯૯૨૫૩૬૫૬૦૯ શા. વિશ્વસ્વરૂપદાસ

**તા. ૨૦-૧૨-૦૯ ના રોજ લેવાયેલ શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષાનું પરિણામ**

| | કુલ | પાસ | નાપાસ | ગે.હા. |
|---|---|---|---|---|
| બાળ સત્સંગ | ૮૫૦ | ૮૦૫ | ૨૦ | ૨૫ |
| કિશોર સત્સંગ | ૭૨૫ | ૭૦૮ | ૭ | ૧૦ |
| પરિચય સત્સંગ | ૬૧૦ | ૫૯૬ | ૬ | ૮ |
| પ્રવિણ સત્સંગ | ૧૮ | ૫ | ૧૦ | ૩ |
| | ૨૨૦૩ | ૨૧૧૫ | ૪૩ | ૪૬ |

કુલ ૨૮ કેન્દ્રોએ ભાગ લીધો હતો.

સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ

બાળ સત્સંગ : (૧) મીનામા ધર્મેન્દ્ર વિનોદભાઈ ૧૦૦% અસારવા ગુરુકુળ (૨) હડીયા આશિષ બિજલભાઈ ૧૦૦% અસારવા ગુરુકુળ (૩) પટેલ અક્ષય અતુલભાઈ ૧૦૦% અસારવા ગુરુકુળ (૪) ગજ્જર જય વિજયભાઈ ૧૦૦% જીવરાજપાર્ક (૫) પટેલ મંજુલાબેન દશરથભાઈ ૧૦૦% મારૂસણા (૬) સોની અવનીબેન હિતેષભાઈ ૧૦૦% નવરંગપુરા (૭) સોની નેહાબેન હિતેષભાઈ ૧૦૦% નવરંગપુરા (૮) સોની જીજ્ઞાબેન નિમેષભાઈ ૧૦૦% નવરંગપુરા.

બાળ સત્સંગ : (૧) પટેલ ડોલીબેન ભરતભાઈ ૧૦૦% આનંદપુરા (૨) સુહાગીયા હર્ષિદ ભરતભાઈ ૧૦૦% હર્ષદ મંદિર (૩) પટેલ પાર્થ બેચરભાઈ ૯૯% કોટેશ્વર (૪) પટેલ જૈમિન બાબુભાઈ ૧૦૦% ગાંધીનગર (૫) પટેલ હર્ષ મુકેશભાઈ ૯૬% કોટેશ્વર ગુરુકુળ (૬) પટેલ દ્રુમિલ હર્ષદભાઈ ૯૮% કોટેશ્વર ગુરુકુળ (૭) પટેલ આદર્શ વિક્રમભાઈ ૯૮% કોટેશ્વર ગુરુકુળ.

કિશોર સત્સંગ ભાગ-એ : (૧) પટેલ પિયુષકુમાર

વિનોદભાઈ ૧૦૦% અસારવા ગુરુકુળ (૨) ચૌહાણ રાજપાલ ભરતસિંહ ૧૦૦% અસારવા ગુરુકુળ (૩) ગોંડલીયા વિજય ઘનશ્યામભાઈ ૧૦૦% અસારવા ગુરુકુળ (૪) પંચાલ સમરથ કનૈયાલાલ૧૦૦% અસારવા ગુરુકુળ (૫) પરમાર કીર્તન એમ.૧૦૦% વાડજ (૬) ચૌહાણ હરપાલસિંહ મહેન્દ્રસિંહ ૧૦૦% ટાંકીયા (૭) ચૌહાણ ભરતસિંહ પોપટજી ૧૦૦% ટાંકીયા.

કિશોર સત્સંગ ભાગ-૨ : (૧) વાઘેલા કુલદિપ પ્રદિપસિંહ ૧૦૦% કોટેશ્વર ગુરુકુલ (૨) હડકલા ગગનભાઈ સતીષભાઈ ૯૯% કોટેશ્વર ગુરુકુલ (૩) પટેલ દેવાંગ મનસુખભાઈ ૯૮% કોટેશ્વર ગુરુકુલ (૪) કથીરીયા રાકેશકુમાર માધવજીભાઈ ૯૯% બદ્રિનાથ (૫) દુધાત બ્રિજેશ ચતુરભાઈ ૯૬% બદ્રિનાથ.

સત્સંગ પરિચય ભાગ-૩ : (૧) પટેલ જૈમિન બાબુભાઈ ૯૯% બાલવા (૨) વરૂ જયવીર ભરતભાઈ ૯૮% બાલવા (૩) કાનાણી ચિરાગ શિવજીભાઈ ૯૮% કોટેશ્વર ગુરુકુળ (૪) હડકલા ખોડુ સતીષભાઈ ૯૭% કોટેશ્વર ગુરુકુળ (૫) પટલે જયનિકા કાંતિભાઈ ૯૮% વાવોલ (૬) ઠક્કર વિશાલ ભરતભાઈ ૯૮% જીવરાજપાર્ક (૭) ઠક્કર ધ્રુવ ઘનશ્યામભાઈ ૯૮% જીવરાજપાર્ક (૮) પટેલ દર્શન દિલીપભાઈ ૯૭% બાલવા (૯) ઠાકોર વિજય પ્રહલાદભાઈ ૯૬% કોટેશ્વર ગુરુકુળ.

સત્સંગ પ્રવિણ-૪ : (૧) પટેલ નયનકુમાર રાજેન્દ્રભાઈ ૯૦% તાતાનગર (૨) પટેલ પાર્થ એ. ૯૦% તાતાનગર (૩) પટેલ હાર્દિક સુરેશભાઈ ૮૫% મેઘાણીનગર (૪) ઠક્કર નિકુંજ ઘનશ્યામભાઈ ૮૫% મેઘાણીનગર (૫) પરમાર સિધ્ધરાજસિંહ ૮૦% મેઘાણીનગર

કુલ પરિણામ૯૦.૬%

પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉપરોક્ત વિદ્યાર્થીઓની વિશેષ પ્રગતિ માટે રૂડા આશીર્વાદ પાઠવે છે. અને દરેક ગામોના હરિભક્તો-કોઠારીશ્રી અને યુવક મંડળને નવા કેન્દ્ર શરૂ કરવા ખાસ અનુરોધ કરે છે. (સંચાલક દેવાણી રણછોડભાઈ બી.)

**બ્રહ્માનંદ સ્વામીના ખાણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો**

શ્રીહરિના પ્રિય સખા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મસ્થાન ખાણ (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૪ મો પાટોત્સવ ફાગણ સુદ-૭ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામી ઓમપ્રકાશદાસજીની પ્રેરણાથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક પારાયણ શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તા પદે થઈ હતી. ફાગણ સુદ-૭ ના સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક વેદ વિધિસર સંપન્ન થયો. આ પાટોત્સવ-મહેસાણા અને વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તરફથી થયો હતો. અભિષેક બાદ શણગાર અને અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા શ્રી ઉદયનભાઈ મહારાજાએ સુંદર શ્રીજી મહારાજની લીલાની વાતો કરી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી અને સર્વાવતારી શ્રી નરનારાયણદેવની નિષ્ઠા ઉપાસના રાખવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે મૂળીથી સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (બાપૂ) સ.ગુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી નારણપુરા, અનિરૂદ્ધ સ્વામી, ચંદુ ભગત, ધર્મેશ ભગતે સેવા બજાવી હતી. મૂળીના ભરત ભગતે સભા સંચાલન સંભાળ્યું હતું. (કુલદિપ ભગત)

**હિંમતનગર ખાતે ભવ્ય શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં તથા ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા હિંમતનગર મહંત શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજીના માર્ગદર્શનથી તા. ૨૧-૨-૨૦૧૦ ના રોજ સાબરકાંઠા વિસ્તારના યુવકોનું સ્નેહ સંમેલન (યુવા શિબિર)નું સુંદર આયોજન થયું. જેમાં અમદાવાદ મંદિરના વિદ્વાન વ્યવહાર કુશળ સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, સંપ્રદાયના મૂર્ધન્ય લેખક અને સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, વિદ્વાન સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી) તથા શ્રીજી સ્વામી (શોકલી) આદિ વિદ્વાન સંતોએ જુદાં જુદાં વિષયો પર વકતવ્યો આપ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાની લાક્ષણિક મુદ્રામાં સાચી પૂજા વિધિ સમજાવી હતી.

સાબરકાંઠાના ૫૫ ગામોના યુવાનોએ શિબિરનો લાભ લઈ ધન્ય બન્યા હતા. અહીંના હરિભક્તોએ પ્રેરણાદાયી સેવા બજાવી હતી. સભા સંચાલન વાસુદેવચરણ સ્વામીએ સંભાળ્યું હતું. અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૮ મો પ્રાગટ્યોત્સવ ઈડર ધામને આંગણે ધામધૂમથી ઉજવવાની જાહેરાત કરી હતી. (પૂજારી અજયપ્રકાશદાસ)

**એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પંચમ પાટોત્સવ મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ધર્મવંશી પરિવારના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી

લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અત્રેના મંદિરનો પંચમપાટોત્સવ તા. ૧૬-૨-૧૦ થી ૨૨-૨-૧૦ પર્યન્ત ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૩૧-૧-૧૦ રવિવારના પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાનિધ્યમાં શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં ૨૦,૦૦૦ ભાવિકોએ લાભ લીધો હતો. તા. ૭-૨-૧૦ રવિવારે ૧૦૦૦ સત્સંગી યુવકોએ સાયકલ રેલી યોજીને મહોત્સવનો પ્રચાર પ્રસાર કર્યો હતો.

આ ઉપરાંત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ, મહા વિષ્ણુયાગ, શોભાયાત્રા, શ્રી ઘનશ્યામમહારાજનો મહાભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ, ડૉ. રસિક પટેલના સહયોગથી ફ્રી રોગ નિદાન કેમ્પ, આદિ કાર્યક્રમ થયા હતા.

શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજીના વક્તા પદે થઈ હતી. જેમાં શ્રીહરિ પ્રાગટ્યોત્સવ-ગાદી અભિષેક, યજ્ઞની પૂર્ણાહુતિ તથા અન્નકૂટ આરતી થઈ હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શનનું સુખ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. આપણા દરેક મંદિરોના સંતો મહંતો પધાર્યા હતા. પારાયણના મુખ્ય યજમાન શ્રી અનીલભાઈ કેશુભાઈ જોગાણી, પાટોત્સવના મુખ્ય યજમાન શ્રી ભીખાભાઈ ઝીણાભાઈ ગજેરા આદિ અનેક નાનામોટા યજમાનોએ સેવાનો લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા- આશીર્વાદથી તથા ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ તથા શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૬૯ માં પાટોત્સવ ના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજા એમ સમસ્ત ધર્મવંશી પરિવાર એક દિવસ પધાર્યા હતા અને હરિભક્તોને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. પાટોત્સવ અને પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદથી સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી સંતમંડળ સાથે પધાર્યા હતા. અને પાટોત્સવની આરતી ઉતારીને પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. અખિલેશ્વરદાસજી વડતાલના પી.પી. સ્વામી, શા. હરિસ્વરૂપદાસજી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. સ્વામી નિલકંઠદાસજી, રમેશ ભગત, કુલદિપ ભગતે સારી સેવા કરી હતી. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ સભા સંચાલન સંભાળ્યું હતું. (મિત, પ્રેમ કાછીયા)

**ઉવારસદ શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રીહરિના પ્રસાદીના ઉવારસદ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી ફાગણ સુદ-૪ તા. ૧૮-૨-૧૦ ને ગુરુવારે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત મુહૂર્ત વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે કોઠારી બાબુભાઈ બોઘાભાઈ પટેલ, તથા પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ તથા પ.ભ. ગોરધનભાઈ (સરપંચશ્રી) તથા પ.ભ. ઈશ્વરભાઈ તથા પ.ભ. નાથાભાઈ વગેરે હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત પૂજન કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, શા.સ્વા. સત્સંગિભૂષણદાસજી તથા શા. વિશ્વસ્વરૂપદાસજીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. સ્વા. હરિપ્રકાશદાસે પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા પ્રસાદીના કમાડ હરિભક્તોએ અર્પણ કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા.સ્વામી નારાયણવલ્લભદાસજીએ શોભાવ્યું હતું.

(પટેલ ઘનશ્યામભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા તૃતીય પાટોત્સવ**

ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૧-૨-૧૦ ને રવિવારના સવારે ૭-૩૦ થી ૧૧-૩૦ મહાપૂજાનું સુંદર આયોજન થયું. જેમાં ૧૫૦ હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૧-૨-૧૦ ના સાંજે ૮-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ સભામાં શા.સ્વા. સત્યસ્વરૂપદાસજી તથા શા. સુવ્રતદાસજીએ કથાનો લાભ આપેલ.

તા. ૨૨-૨-૧૦ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ કથા વાર્તા કરીને સુંદર લાભ આપેલ.

તા. ૨૩-૨-૧૦ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

તા. ૨૪-૨-૧૦ ના સવારે ૭-૦૦ કલાકે ઠાકોરજીનો અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો. ત્યારબાદ યજમાન શ્રી શનાભાઈ શંકરભાઈના ઘરે પધરામણી કરી સભામાં પધાર્યા હતા. સભામાં શ્રી શનાભાઈ તેમના પુત્ર વિરેન્દ્રભાઈ તથા સ્નેહીજનોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું

પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. તથા કોઠારીશ્રી સોમાભાઈ તથા ટ્રસ્ટીઓ તથા ઘાટલોડીયાના હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ.પૂ. મોટા મહારાજશ્રીનું ફુલહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ પ્રેરણાદાયી આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ રઘુવીર સ્વામી (શોકલી) તથા હિંમતનગર મહંત શા. હરિજીવનદાસજીએ પ્રવચન કર્યું હતું. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ, ઈડર, ટોરડા આદિ મંદિરોના મહંત સ્વામીઓએ પધારીને પોતાની અમૃત વાણીનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ. મોટામહારાજશ્રીએ ઘાટલોડીયાના હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી અન્નકૂટની આરતી ઉતારવા પધાર્યા હતા. સૌ હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી જીવનને ધન્ય માણતા માણતા ઘર તરફ પ્રસ્થાન કર્યું હતું. (પ્રવિણભાઈ ટી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી કુહા શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ તથા અ.નિ. શા.સ્વા. હરિગોવિંદદાસજીની સ્મૃતિ અર્થે કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તા પદે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન સંપન્ન થયું.

પ્રથમદિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજીને ધૂન-ભજન કરતા બેન્ડવાજા સાથે મંદિરે આવતા પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે કથા નો પ્રારંભ થયો હતો. યજમાનશ્રીએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન, અર્ચન કરી આરતી ઉતારી હતી. પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી સાથે અમદાવાદથી વિદ્વાન સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી, જેતલપુરથી વિદ્વાન પૂ. શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો. ત્યારબાદ કથા અને મહાપૂજાની પૂર્ણાહુતિ થઈ હતી. યજમાન પરિવાર અને ગ્રામજનોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ અતિ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

સમસ્ત કુહા સત્સંગ સમાજે પ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા શ્રી નરનારાયણદેવના પ્રસાદીના કાષ્ટ કલાના બારણા અર્પણ કર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌને ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને સંતો પધાર્યા હતા. તેમજ ધામોધામના સંતો પધાર્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ગામના બહેનોએ દર્શનનું દિવ્ય સુખ મેળવી ખૂબજ ધન્ય ભાગી બન્યા હતા.

આ પ્રસંગમાં અશોકભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, અરૂણભાઈ પટેલ, અને પિનલકુમાર પટેલ તેમજ યુવકો અને બહેનોની સેવા પ્રેરણાત્મક રહી હતી. બન્ને સમય ઉત્સવમાં તમામ ભક્તોને જમાડવામાં આવ્યા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કુહા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા**

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી છેલ્લા નવ વર્ષથી શ્રી બાળ ઘનશ્યામસંસ્કાર મંડળ ચાલે છે. જેમાં સંધ્યા આરતીમાં ૫૦ થી ૬૦ બાળકો નિયમિત આવે છે. બાળકોને કથાવાર્તા અને ભગવાન સંબંધી અને ધર્મકુળ માહાત્મ્યનું સુંદર શિક્ષણ અપાય છે. વેકેશનમાં ધાર્મિક પ્રવાસ, તેમજ વિવિધ ઉત્સવો જેવા કે ચોકલેટ ઉત્સવ, રમતોત્સવ, રાસોત્સવ, આદિ બાળકોના જ કાર્યક્રમ થાય છે. આ પ્રવૃત્તિમાં પ.ભ. નારાયણભાઈ તથા પ.ભ. રાજુભાઈ ખૂબ રસ લઈ બાળકોને ધર્મનું સામાન્ય જ્ઞાન આપી રહ્યા છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી બાળ મંડળની પ્રવૃતિને અત્યારથી ખૂબજ વેગ આપી રહ્યાં છે.

(રવિ સી. ચૌધરી, બાલવા)

**શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પુરુષોત્તમઅધિક માસ ભવ્યતાથી ઉજવવામાં આવશે.**

અધિક વૈશાખ સુદ-૧ તા. ૧૫-૪-૨૦૧૦ થી અધિક વૈશાખ વદ અમાસ તા. ૧૪-૫-૨૦૧૦ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આખા માસ દરમ્યાન વરસમાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવશે. અધિક માસમાં ઉત્સવના યજમાન બનવા માટે કોઠાર ઓફિસમાં કોઠારી સ્વામીનો સંપર્ક કરવો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ (રાજ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીના સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. બપોરે ૧૨-૦૦ શ્રી રામચંદ્રજી ભગવાનના જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. રાત્રે ૧૦-૧૦ શ્રીહરિના પ્રાગટ્યોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. બ્ર. હરિસ્વરૂપાનંદજીની પ્રેરણાથી ગૌરાંગ ભગત અને મંથન ભગતે સેવા બજાવી હતી. (અર્જુનસિંહ પવાર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**લક્ષ્મીનગર (તા. મોરબી) મૂર્તિ પ્રતિષ્ઠા**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. ગોપાલચરણદાસજીની પ્રેરણાથી તથા તેમના શિષ્ય શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી દ્વારા નિર્માણ થયેલ નવ્ય ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર લક્ષ્મીનગરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી ઉજવાયો.

તા. ૫-૨-૧૦ ઠાકોરજીની નગરયાત્રા તથા તા. ૬-૨-૧૦ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રામાં ગામના દરેક ભક્તો જોડાયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજી તથા શ્રી ગણપતિજી અને હનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી.

પ્રાસંગિક સભામાં કથાના યજમાન તળશીભાઈ અધારાના પરિવાર માવજીભાઈ, નારણભાઈ, બાબુભાઈ તથા કાનજીભાઈ તથા મુખ્ય યજમાન શ્રી વિરેશભાઈ પુરૂષોત્તમભાઈ પટેલે (યુ.એસ.એ.) પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પુષ્પહાર કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

સભા સંચાલન સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

નારણઘાટ મંદિરના મહંત નાના પી.પી. સ્વામી, હળવદ, ધ્રાંગધ્રાના સંતો તથા મૂળીના મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. અન્ય સંતોમાં નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી જે.કે. સ્વામી, બાલસ્વરૂપ સ્વામી, દાસ સ્વામી (ભાત) જે.પી. સ્વામી, ધ્રાંગધ્રા, હળવદ, મોરબી થી સંતો પધાર્યા હતા. ઘનશ્યામસ્વામી, કૃષ્ણવલ્લભદાસજી સ્વામી અને જે.કે. સ્વામીએ બધી વ્યવસ્થા સંભાળી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને મંદિરે દર્શને આવવાની ભલામણ કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે દેશ વિદેશના અમેરિકા, લેસ્ટર તથા સુરત, મોરબી, વાંકાનેર, રાજકોટ, ચરાડવા, નવા વાડજ, જીવરાજપાર્ક આદિ ગામોથી હરિભક્તોએ સેવા કરીને સત્સંગનો લાભ લીધો હતો.

કથાના વક્તા શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી અને સહિતાપાઠના બાલ સ્વરૂપ સ્વામીએ સુંદર લાભ આપેલ. મોરબીથી સાં. રાજકુંવરબા અને ઉષાબાએ પણ સુંદર સેવા કરાવી હતી.
(કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રંગપર (તા. મોરબી)**

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના રંગપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ફાગણ વદ-૬ તા. ૬-૩-૨૦૧૦ ના રોજ ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરી આરતી ઉતારી પાટોત્સવ ઉજવ્યો હતો.

સભામાં કથાવાર્તાનો લાભ સંતોએ આપેલ. હરિદ્વાર મંદિરના મહંત સ્વામી શ્યામસુંદરદાસજીએ ટેલીફોનીક સંદેશામાં આશીર્વાદ પાઠવ્યા હતા. મોરબીથી સાં. રાજકુંબરબા તથા ઉષાબા તેમજ અન્ય સાંખ્યયોગી બહેનોએ પધારીને લાભ આપેલ. બહેનોએ તૈયાર કરેલ અન્નકૂટ ઠાકોરજીને ધરાવ્યો હતો. મૂળીથી પધારેલા જયપ્રકાશ સ્વામી તથા જયકૃષ્ણ સ્વામીએ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગે મોરબી, જેતપર અને ચરાડવાના હરિભક્તોએ સેવાનો લાભ લીધો હતો.
(પ્રાણજીવન એમ. માકાસણા)

## ભૂજ પ્રદેશના સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂજ નૂતન મંદિર મહોત્સવના ઉપલક્ષમાં કચ્છમાં થયેલા મેડીકલ કેમ્પો**

આપણા ભૂજ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી તથા ભુજના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવના ઉપક્રમે શ્રી નરનારાયણદેવ મેડીકલ કેમ્પ ૨૦૧૦ શ્રી કચ્છી લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈપ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિચર્સ સેન્ટર ભુજના સહયોગથી સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ નીચેના ગામોમાં યોજાયા હતા અને તેમાં સ્પોન્સર પણ થયા હતા.

(૧) નખત્રાણા તા. ૨૦-૧૨-૦૯ શ્રી દેવાશિષ હોસ્પિટલ સ્પોન્સર : શ્રી ક.સ.સ્વા. મંદિર મોમ્બાસા.

(૨) દયાપર તા.૩૧-૧-૨૦૧૦ શ્રી પ્રેમજી મુળજી વિદ્યાલય સ્પોન્સર શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ)

(૩) કોઠારા તા. ૨૪-૧-૧૦ શેઠ જી.ટી. હાઈસ્કુલ : સ્પોન્સર વિજય કન્ટ્રકશન એન્ડ સ્ટાફ સિસલ્સ

(૪) માંડવી તા. ૧૪-૨-૧૦ શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામસ્પોન્સર : ઈ-આફ્રિકા સ. શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબી.

(૫) દુધઈ તા. ૭-૩-૧૦ શ્રી સરદાર પટેલ હાઈસ્કુલ સ્પોન્સર : **Elecamc : Plumbing Supplies U.K., and Baladia Medical Group of Frinend U.K.**

(૯) રાપર તા. ૨૮-૩-૧૦ શ્રી લેવા પટેલ કન્યા છાત્રાલય સ્પોન્સર : શ્રી કચ્છ વાગડ લેવા પાટીદાર સમાજ મુંબઈ

ભુજ તા. ૧૬-૫-૧૦ શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ભુજ ખાતે યોજવામાં આવશે. જેના સ્પોન્સર કાનજી ભીમજી રાઘવજી એન્ડ સન્સ નાઈરોબી, બ્લુ ગૃપ યુ.કે. દેવરાજભાઈ હાલારીયા એન્ડ સન્સ અને શ્રી કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે. સ્પોન્સર હતા. ગાંધીધામ કેમ્પમાં કેશવજી પ્રેમજી ભૂડીયા અને કાનજી પ્રેમજી ભૂડીયા સ્પોન્સર હતા.

ઉપરોક્ત કેમ્પોમાં બાયપાસ, હૃદયના પડદામાં કાણું, હૃદયના નીચેના ખાનાના પડદાનું કાણું, વાલ બદલવા, બલૂનથી વાલ પહોળા કરવા અને એન્જીયો ગ્રાફી. આમ તમામ હૃદયને લગતી સારવાર દર્શાવેલા ગામોના કુલ ૨૦,૦૦૦ જેટલા દર્દીઓએ લીધી હતી.

જેમાં સૌજન્ય દાતાઓએ ખૂબજ મોટી સેવા કરી હતી.

આ સુંદર સેવામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી જાદવજી ભગત, પુ. સ્વામી બાળકૃષ્ણદાસજી શ્રી કાનજી ભીમજી જેસાણી (લંડન) રામજી દેવજી વેકરીયા (એલ્ડોરેટ) કેન્યા અને અરજણભાઈ ગાંગજી પિંડોરીયા રહ્યા હતા.

કચ્છ દેશમાં આવા દાનવીર શ્રદ્ધાળુ હરિભક્તોએ આવા હૃદયના સારવાર ઓપરેશન, નિદાન અને એન્જીયોગ્રાફી અને વાલ્વની સારવાર માટે મોટી રકમડોનેટ કરીને અનેક લોકોને જીવન બક્ષ્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આવી સુંદર સમાજની ભગીરથ સેવા કરનાર ને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા છે. તેમાં આપણા ભુજના સંતોની પ્રેરણા પણ પ્રશંસનીય અને માર્ગદર્શક રહી હતી.

# વિદેશ સત્સંગ સમાચાર

**કોલોનીયા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શિવરાત્રી મહોત્સવ મહંત શા. સ્વામી ધર્મવલ્લભદાસજી અને શાસ્ત્રી હરિનંદન સ્વામીની પ્રેરણાથી હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. અને શિવ પૂજન આદિ કાર્યક્રમો થયા હતા. પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પણ આ પ્રસંગે દર્શનાર્થે પધાર્યા હતા. સ્વામીએ શિવ માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું.

ફૂલદોલોત્સવ તા. ૬-૩-૧૦ ના સાંજે ૫ થી ૮ દરમ્યાન હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે પણ પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર દર્શનાર્થે પધાર્યા હતા. તેમનું સ્વાગત બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

સભામાં શા.સ્વામી ધર્મવલ્લભદાસજી (મહંત) શા. હરિનંદનદાસ, ચેરીહીલથી મહંત શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ શ્રી નરનારાયણ જયંતી અને ફૂલદોલોત્સવનો મહિમા સમજાવ્યો હતો. ઈસો ચેપ્ટરોના અનેક હરિભક્તોએ પ્રસંગનો લાભ લઈ ઠાકોરજી સમક્ષ ફુલદોલોત્સવ-રંગે રમીને જીવન ધન્ય બનાવ્યું હતું.

(પ્રવિણભાઈ શાહ)

**સિને મેન્સન મંદિર (અમેરિકા)માં ફુલદોલોત્સવ ઉજવાયો**

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમેન્સન (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.) ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આજ્ઞાથી પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં તા. ૮-૩-૨૦૧૦ ના રોજ શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં સત્સંગ સભાનું સુંદર આયોજન થયુ હતું. જેમાં શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ શ્રી નરનારાયણદેવના મહિમા ઉપર સુંદર વ્યક્તવ્ય આપ્યું હતું. કોલોનીયા મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી તથા વિહોકોન મંદિરના મહંત શા.સ્વા. માધવજીવનદાસજી અને અત્રે મંદિરના મહંત શા. વિશ્વપ્રકાશદાસજી આદિ સંતોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણ અને આવતા વર્ષે તેના ઉદ્ઘાટનની જાહેરાત કરતા અનેક હરિભક્તોએ પોતાની સેવા લખાવીને પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ હરિભક્તો ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ હિંડોળામાં પધરાવેલ શ્રી નરનારાયણદેવની આરતી કરવા પધાર્યા હતા. અને દરેક હરિભક્તોને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ડી.વી.ડી. બતાવી હતી. આ પ્રસંગે શ્રી રાજુભાઈ (વડુ) શ્રી નવિનભાઈ (રાજપુર) શ્રી અરવિંદભાઈ, શ્રી મહેન્દ્રભાઈ પી, શ્રી કાર્તિકભાઈ (વડુ), શ્રી જગદીશભાઈ (જાસલપુર) આદિ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સેવા કરીને રાજીપો મેળવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી હરિભક્તોને ત્યાં પધરામણી કરવા પધાર્યા હતા. આ પ્રસંગે હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(શા. વિશ્વપ્રકાશદાસજી)

**શિકાગો ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા

મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ મંદિર શિકાગોમાં ભક્તિ અને સત્સંગનો અવિરત પ્રવાહ ચાલું છે.

અહીં ફેબ્રુઆરી માસમાં શાકોત્સવ અને શિવરાત્રીનું સુંદર ભવ્ય આયોજન થયું હતું. શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદજી અને સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)ની પ્રેરણાથી બન્ને ઉત્સવમાં હરિભક્તોએ સેવા કરીને દર્શનનો અલૌકિક લાભ લીધો હતો.

સૌ પ્રથમ સર્વોપરિ શ્રીહરિએ કરેલ પ્રથમ શાકોત્સવની સુંદર કથા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીએ કરીને સૌને ભાવ વિભોર કરી દીધા હતા. કિચન કમિટીએ ખૂબજ ભાવથી સુંદર રીંગણનું શાક, બાજરાના રોટલા માખણ, દહીં, છાસ આદિ વાનગીઓ ઠાકોરજીને ધરાવીને સૌ ભક્તોને જમાડવામાંઆવ્યા હતા. મહાશિવરાત્રીના તા. ૧૨ ફેબ્રુઆરીના આપણા પ.ભ. વિષ્ણુભાઈ જોશીએ શિવપૂજન અને આરતી કરાવી હતી. ઘણા હરિભક્તો પૂજનમાં જોડાયા હતા. શાસ્ત્રી સ્વામીએ શિવ પૂજનનો સુંદર સરળ ભાષામાં મહિમા સમજાવ્યો હતો. જે.પી. સ્વામીનું સમગ્ર ઉત્સવમાં પ્રેરણાદાયી માર્ગદર્શન રહ્યું હતું. (વસંત ત્રિવેદી)

**એલ.એ. શ્રી સ્વામિનારાયણ મંદિર (અમેરિકા)**

અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લોસ એંજલસમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. શિવરાત્રીના ભગવાનના સિંહાસન સમક્ષ ભોલનાથના રૂપમાં હિમાલયમાં શ્રી ઘનશ્યામમહારાજના આબેહૂબ દર્શન કરાવ્યા હતા. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજીની પ્રેરણાથી હરિભક્તોએ રાત્રીના ૨ વાગ્યા સુધી અવિરત સેવા બજાવી હતી. હરિભક્તો દર્શન કરી ભાવ વિભોર બની ગયા હતા. શાસ્ત્રી સ્વામીએ શિવ મહિમાની કથા સુંદર રીતે વર્ણવી હતી. શ્રી નરનારાયણદેવ અગ્રગણ્ય હરિભક્ત પ.ભ. પ્રેમજીભાઈની દરેક ઉત્સવમાં તન, મન અને ધનથી સેવા કરે છે. બીજા ઘણા હરિભક્તો પણ સેવા કરે છે. કોઠારીશ્રી યુવક મંડળ, યુવતી મંડળ રાત-દિવસ સતત પ્રસંગોપાત સેવામાં જોડાય છે.

ફુલદોલોત્સવ પ્રસંગે આખું સિંહાસન વિવિધ ફુલોથી શણગારીને હિંડોળામાં શ્રી ઘનશ્યામમહારાજને ઝુલાવવામાં આવ્યા હતા.

મહંત સ્વામીએ શિવરાત્રી, શ્રી નરનારાયણદેવ જયંતી અને ધૂળેટી-હોળીની કથા ખૂબજ વૈવિધ્ય પૂર્ણ રીતે કરીને સૌ હરિભક્તોને રાજી કર્યા હતા. આપણા મંદિરના લાઈવ દર્શન માટે આપણા યુવા હરિભક્તો સમીર, રોનક, સુમિત, નીલકંઠ અને રસિક આ બધાના સહયોગથી આપણી નવી વેબસાઈટ **www.issola.com** લોન્ચ કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. અને હરિભક્તો મોટા સંખ્યામાં લાભ લેવા આવે છે. (ઈશ્વરભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કેનેડા ટોરન્ટો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહાસુદ-૫ ના શ્રી ઘનશ્યામમહારાજના સાનિધ્યમાં શિક્ષાપત્રી જયંતી નિમિત્તે શિક્ષાપત્રીનું પૂજન અર્ચન-આરતી કરીને સ્વામી સત્ય સ્વરૂપદાસજીએ શિક્ષાપત્રીનું વાચન-પઠન કર્યું હતું. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

શિક્ષાપત્રી શ્લોક ૮૪ ની આજ્ઞાનુસાર આપણા મંદિરમાં શિવરાત્રી પ્રસંગે બ્રાહ્મણોએ વેદ વિધિસર શિવપૂજન કર્યું હતું. જેના મુખ્ય યજમાનપદે શ્રી નૈમિષભાઈ ત્રિવેદી પરિવારે લાભ લીધો હતો. બીજા ઘણા હરિભક્તોએ સહ યજમાન બની શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)


**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

# www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦**


## ગૌરવ

પ.ભ. જગદીશભાઈ સેમીટ્રોનિકવાળાની સુપુત્રી શ્રી ફાગુન રાજકોટીયા સાનજોશે સ્થિત આપણા શ્રી નરનારાયણદેવના આશ્રિત છે. તેમની નિષ્ઠાપૂર્વકની બહુ મૂલ્ય સેવાઓ બદલ સાનજોશે શહેરના પ્લાનીંગ બિલ્ડીંગ અને કોડ, એમ્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના ડાયરેકટર શ્રી જૌસેફ હોરવેડલ દ્વારા સન્માન પત્ર આપવામાં આવ્યું છે. શ્રી નરનારાયણદેવ આપણા આવા તેજસ્વી ફાગુન રાજકોટીયાને સતત આવીજ સેવાઓ કરવાની પ્રેરણા આપે તેવી શ્રીહરિને પ્રાર્થના છે.

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૨૦૦/- મોદી હસમુખભાઈ શાંતિલાલ ચિ. જસ્મીનની સગાઈ પ્રસંગે — જમીયતપુરા
૧૦૧/- પટેલ વ્રજ ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- ભાવસર હસમુખભાઈ શંકરલાલ લગ્નના ૨૯ વર્ષ પુરા થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- વાઘેલા પ્રિયમઘનશ્યામસિંહ મેલબોર્ન (ઓસ્ટ્રેલીયા) ગયા તે નિમિત્ત — અમદાવાદ
૧૦૧/- પટેલ ભરતભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ રોનક અમૃતભાઈ ડેરી સાય.ટેકનો.માં પ્રવેશ નિમિત્તે — જેપુર
૧૦૧/- પટેલ દિપકભાઈ રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉનાવા
૧૦૧/- પટેલ મહેન્દ્રભાઈ મણીલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — ઉનાવા
૧૦૧/- મનાણી ભાણજીભાઈ કુંવરજીભાઈ નવું હોન્ડા લીધું તે નિમિત્તે — જીરાગઢ
૧૦૧/- રાઠોડ અમૃતલાલ મગનલાલ નવું હોન્ડા લીધું તે નિમિત્તે — જીરાગઢ
૧૦૦/- પાંચોટીયા રામજીભાઈ પ્રભુદાસ ચિ. પૌત્રી કવીટીના લગ્ન પ્રસંગે — ઊંઝા
૧૦૧/- પટેલ શારદાબેન ભાઈલાલભાઈ નોકરીમાંથી નિવૃત્ત થયા તે નિમિત્તે — ઝુંડાલ
૧૦૧/- ભાવસાર આનંદીબાની પુણ્યતિથિ નિમિત્તે — મોટપ
૧૦૦/- પટેલ રમણભાઈ રેવાભાઈ નવું જે.સી.બી. મશીન લાવ્યા તે નિમિત્તે — થુરાવાસ
૧૦૧/- પટેલ આશાબેન અતુલકુમાર પુત્ર જન્મપ્રસંગે — લીંચ
૧૦૧/- ત્રિવેદી કૃણાલ ભદ્રેશકુમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — વિહાર
૧૦૧/- રામપરીયા સ્મિત દિનેશભાઈ જન્મદિન નિમિત્તે — સુરત
૧૦૧/- રાઠોડ બિપીન રમણીકભાઈ બ્રેકર મશીન લીધું તે નિમિત્તે — સુરત
૧૦૧/- વરૂ સંજયભાઈ વસંતભાઈ પુત્ર જન્મપ્રસંગે — સુરત
૧૦૧/- પટેલ ચંદ્રિકાબેન સુભાષભાઈ ચિ. ધ્રીષીના જન્મદિન નિમિત્તે — ઈશનપુર
૧૦૧/- ગોહિલ કાનજી હરજીના સ્મરણાર્થે — જીરાગઢ
૧૦૧/- પટેલ હરજીવનદાસ રામાભાઈ નવી મોટર સાયકલ લીધી તે નિમિત્તે — રતનપુર
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૫૧/- પટેલ ગીતાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉવારસદ
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૫૧/- પટેલ અનીતાબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ સચિનકુમાર દિપકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- કથીરીયા ઘનશ્યામભાઈ મનુભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે — બાપુનગર
૫૦૧/- પટેલ પુષ્પાબેન જસુભાઈના સ્મરણાર્થે — નાંદોલ
૧૦૦/- કાછીયા કીરીટકુમાર શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા
૧૦૦/- પટેલ હિતેન્દ્રભાઈ બળદેવભાઈ નવા મકાન નિમિત્તે — રાણીપ
૧૦૦/- વરૂ દીક્ષા દિપ્તિબેન જન્મદિન પ્રસંગે — જીરાગઢ
૧૦૧/- પટેલ બાબુભાઈ ઈશ્વરદાસ દેવલબેન અમેરિકા ગયા તે નિમિત્તે — મારૂસણા
૧૦૦/- પટેલ રિતેષ રાજુભાઈ બી.ડી.એસ.માં પાસ થયા તે નિમિત્તે — મોખાસણ
૧૦૦/- પટેલ સ્નેહલ રાજુભાઈ ફાર્મસીમાં ફર્સ્ટ ક્લાસ આવ્યો તે નિમિત્તે — મોખાસણ
૧૦૧/- જાદવ સંગીતાબેન ખેંગારભાઈ ભાણા મિહીરના જન્મદિન નિમિત્તે — માલણપુર
૧૦૦/- પટેલ મથુરભાઈ અંબાલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — મારૂસણા
૧૦૦/- પટેલ વાસુદેવભાઈ શંકરભાઈ જન્મદિન નિમિત્તે — ઘાટલોડીયા
૧૦૦/- મોદી ઘનશ્યામભાઈ ચંદુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૧૦૦/- પટેલ ઉમંગ હસમુખભાઈ ફુલદોલોત્સવ નિમિત્તે — કલોલ
૧૦૧/- વઢેલ દદુભાઈ નારણભાઈ કાશીબેનના સ્મરણાર્થે — નગવાડા
૧૦૦/- બૂટીયા દર્શન રણછોડભાઈ, કીરીટસિંહ સી. પરમારને નોટરીની સનદ મળી તે નિમિત્તે — સાયલા (બળોલ)
૧૦૧/- ઠાકોર સંતોકબેન ચતુરજી જેણાજી શ્રીજી પ્રસન્નાર્થે — મોટી આદરજ
૧૦૦/- પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ જન્મદિન નિમિત્તે — આકરૂંદ
૧૦૦/- મોરી પ્રકાશકુમાર ભીખુભાઈ ચિ. રિધ્ધિના જન્મદિન પ્રસંગે — કાલીયાણા
૨૫૧/- પટેલ પ્રજ્ઞેશકુમાર બાબુલાલ નવું મકાન લીધું તે નિમિત્તે — નરોડા
૨૫૧/- ધ્રુવ પ્રજ્ઞેશકુમાર બાબુલાલ કે.જી.માં એડમીશન નિમિત્તે — નરોડા
૧૦૦/- પટેલ અમી પરસોત્તમભાઈ એસ.એસ.સી.માં બાયોટેકમાં એડમીશન નિમિત્તે — કડી
૧૦૦/- મોરી ભીખાભાઈ કનુભાઈ ટ્રેકટરની નવી ટ્રોલી લીધી તે નિમિત્તે — ડેડીયાસણ
૧૦૧/- સોલંકી અચલ પ્રવિણભાઈ ન્યુઝીલેન્ડ ગયા તે નિમિત્તે — અમદાવાદ
૨૫૧/- પટેલ બિનલબેન આશિષભાઈ ચિ. મુદ્રાના જન્મનિમિત્તે — અસલાલી
૧૦૧/- કા. પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૨૦૧/- પટેલ ગણેશભાઈ મગનદાસ મંગુબેનની ૪ થી પુણ્ય તિથિ નિમિત્તે — બામરોલી
૧૦૦/- સાપરીયા મહેશકુમાર વેલજીભાઈ બી.એ. થયા તે નિમિત્તે — સુરત
૧૦૧/- મોદી ધ્રુવિલ અતુલકુમાર જન્મદિન નિમિત્તે — ગાંધીનગર
૧૦૦/- પટેલ બળદેવભાઈ આશારામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગાંધીનગર
૧૦૧/- સોલંકી ઉમેશ નારણભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- ભાવસાર ઈશ્વરભાઈ અંબાલાલ પૌત્ર હેમીલના જન્મદિને — મોટપવાળા
૧૦૧/- મોરી ભીખાભાઈ દાનુભાઈ નવી મારૂતીકાર લાવ્યા તે નિમિત્તે — ડેડીયાસણ
૧૨૫/- ગજેન્દ્રભાઈ ગોરધનભાઈ ૬૨ વર્ષ નિમિત્તે — બાલાસિનોર
૫૨૫/- પટેલ કાંતિભાઈ અંબાલાલ (મંડપવાળા) શ્રીજી પ્રસન્નાર્થે — ચાણસ્મા
૨૫૧/- મીસ્ત્રી મુકેશભાઈ ગુણવંતરાય નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — જેતપર (મચ્છુ)
૨૫૧/- કરમશીભાઈ દેવશીભાઈ નવું જે.સી.બી. લીધું તે નિમિત્તે — સુરત
૧૦૧/- ચોટલીયા જેઠા ભગત લધુભાઈના સ્મરણાર્થે — ધૂળકોટ
૧૦૧/- પટેલ નિલાંશી વ્રજકુમાર જન્મદિન પ્રસંગે — દહેગામ
૧૫૧/- ઉપાધ્યાય કુમુદભાઈ ચિ. દેવલબેનના લગ્ન નિર્વિઘ્ને પૂર્ણ થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ચિ. હેતલ અને જયેશકુમારના સગપણ નિમિત્તે — અમદાવાદ

૧૦૦/- ટાંક માવજી જીવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૦/- પ્રજાપતી બટુકભાઈ માવજીભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે બાવળા
૨૦૧/- પટેલ ભોળાભાઈ કોદરદાસ તા. ૨-૩ પુણ્ય તિથિ નિમિત્તે ગવાડા
૧૦૧/- સગર બાબુભાઈ પૂજાભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ઈડર
૧૦૧/- પટેલ હસમુખભાઈ ચિ. વૈશાલીના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- કા. હિરેન નિલેષભાઈ સગાઈ નિમિત્તે કોઠંબા
૧૦૧/- સોલંકી યશકુમાર ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે મહેસાણા
૫૦૦/- પટલે વ્રજેન્દ્ર વિપુલભાઈ જન્મદિન નિમિત્તે આંબલીયાસણ
૧૫૧/- ઠક્કર વિનોદચંદ્ર વિરજીભાઈ શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે ગાંધીનગર
૨૫૦/- નિખીલ ગીરીશભાઈ પટેલ એ/૧ નારાયણ સ્ટોરના ઉદ્‌ઘાટન પ્રસંગે ન્યુયોર્ક
૧૦૦/- ખેર કિશોરસિંહ રામસંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ (ભાલ)
૫૦૧/- દેસાઈ બબાભાઈ હવાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- અ.નિ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલ પુણ્ય તિથિ નિમિત્તે હ. કમલેશભાઈ હાંસોલ
૧૦૧/- પટેલ દર્ષિત ધનંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જમીયતપુરા
૨૦૧/- પટેલ મુકેશભાઈ અને નિલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા-આજોલ
૨૦૦/- પટેલ મહેન્દ્રભાઈ રમણલાલ નવો ધંધો ચાલુ કર્યો તે નિમિત્તે વડુ-અમેરિકા

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ, કાલુપુર તરફથી વિધાર્થીઓ માટે નોટ અને ચોપડા પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેનું વેચાણ ચાલું છે.**

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણમંદિર :** પાર્ષદ ગણપત ભગતના ગુરુ પાર્ષદ શ્રી જેઠા ભગત ગુરુ સ.ગુ. ગવૈયા સ્વામી પ્રભુ જીવનદાસજી (ઉ. ૯૪ વર્ષ) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા કરતા તા. ૧૫-૩-૨૦૧૦ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ :** શ્રી પુષ્પાબેન (પુંજીબેન) જસુભાઈ પટેલ તા. ૨૧-૨-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**જીરાગઢ (હાલાર) :** પ.ભ. વેલજીભાઈ નરસીભાઈ રાઠોડ તા. ૧૧-૨-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધૂળકોટ (હાલાર) :** પ.ભ. જેઠા ભગત લધુભાઈ ચોટલીયા તા. ૩-૨-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મોમ્બાસા (લુણાવાડા) :** પ.ભ. ત્રિલોચન મુગટલાલ દવેના મોટાભાઈ પ.ભ. ગણેશપ્રસાદ મુગટલાલ દવે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા મોમ્બાસા મુકામે અક્ષરનિવાસી થયા છે.

**નવાવાડજ :** પ.ભ. મણીબેન પરસોમભાઈ પટેલ (ઉ. ૮૫ વર્ષ) (નાના ભમોદરા) તા. ૩૦-૧-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલીયાણા :** સ્વામિનારાયણ મંદિરના કોઠારી ભુદરભાઈના સુપુત્રી અ.નિ. જસુબેન અજમલભાઈ રથવી (આદરીયાણા) તા. ૧૫-૩-૧૦ ના સોમવારે હરિસ્મરણ કરતા અક્ષરનિવાસી થયેલ છે.

**વડુ :** પ.ભ. અમૃતભાઈ કેશવલાલ પટેલ (વડુ મંદિરના માજી કોઠારી) તા. ૨૭-૩-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વડુ :** જડીબેન સોમદાસ બાજીદાસ પટેલ તા. ૨૦-૩-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વડનગર :** ભાવસાર ગણપતલાલ મુળચંદદાસ કોઠારીના સુપુત્ર ભાવસાર દેવેન્દ્રકુમાર ગણપતલાલ તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.































(૧) કાંકરીયા મંદિર પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી (૨) કાંકરીયા મંદિરમાં પાટોત્સવ અને શહેર ચોર્યાસી પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી સાથે વિધાનસભાના અધ્યક્ષશ્રી અશોકભાઈ ભટ્ટ. (૩) પાટડી (મૂળીદેશ) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ. મહારાજશ્રી (૪) નવાવાડજ મંદિરમાં વિષ્ણુયાગની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી. (૫) રાણીપ મંદિર રજતજયંતી પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રી. (૬) બાલાસિનોર મંદિરમાં પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો. (૭) ખાણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન (૮) માણસા મંદિરમાં આદિઆચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલ કષ્ટભંજનદેવ નવિનીકરણ બાદ દિવ્ય દર્શન. (૯) સમૌ મંદિરમાં શ્રીહરિ પ્રાકટયોત્સવ પ્રસંગે કીર્તન ભક્તિ કરતાં હરિભક્તો. (૧૦) એપ્રોચ બાપુનગરમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003-9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011

ટોરેન્ટો કેનેડાના પ્રથમ આગવા પ્રવાસ પ્રસંગે આપણા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી





એલ.એ. મંદિરમાં શ્રી નરનારાયણ જયંતી પ્રસંગે ફુલદોલોત્સવ દર્શન

નવાવાડજ મંદિરમાં સુવર્ણ જયંતી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી અને શ્રી હરિના સાતમાં,આઠમાં વંશજની આરતી ઉતારતા - યજમાનશ્રીઓ





રાણીપ મંદિર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી સાથે પૂજનીય સંતો





**Museum Year**
March 2010 - March 2011

Shree Swaminarayan Museum

## ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

**ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧**

**સંવત ૨૦૬૭ ફાગણસુદ ત્રીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ**

www.swaminarayanmuseum.com/org

Praful Kharsani